# પિતૃસત્તા તોડ

## દરેક વિડીયો, દરેક ચર્ચા એક સાથે



# ડિસ્કશન ક્લબ

ચર્ચા સમૂહ સંચાલન માર્ગદર્શિકા

તમે લૈંગિક મુદ્દાઓ પર વિડીયો બનાવવાનું શરૂ કરી દીધું છે અને હવે આ વિડીયોનો ઉપયોગ કરવાનો સમય છે. અમારા પિતૃસત્તા તોડ અભિયાનનાં મુખ્યત્વે ત્રણ સોપાન છે. ૧ ચિહ્નિત કરો ૨ નિવારણ કરો. અને ૩ નેસ્તોનાબુદ કરો.

## ઓળખી કાઢો

તમે ઘણા તાલીમ-શિક્ષણ કાર્યક્રમોમાં શામેલ રહ્યાં છો અને આ મુદ્દાઓ પર વિડીયો પણ બનાવી રહ્યાં છો તેથી તમને પિતૃસત્તા કેવી રીતે કામ કરે છે તેને ઓળખીને "ચિહ્નિત" કરવામાં મદદ મળશે. આ ચિહ્નિત  કરવાની કાબેલિયત જ એ ચાવી છે જેના થકી આપણે એ સમજી શકીએ છીએ પિતૃસત્તા કેવી રીતે કોઈને સશક્ત બનાવે છે અને કોઈને અશક્ત. તમે જેટલા વધુ વિડીયો બનશો એટલું બારીકાઈથી સમજતા જશો કે પિતૃસત્તા ક્યાં ક્યાં અને કેવી કેવી રીતે કામ કરે છે.

## નિવારણ કરો

તમે વિડીયોમાં જે સવાલો ઉઠાવ્યા છે અને તમારા વોઈસ ઓવર(વીઓ)માં જે વિશ્લેષણ રજુ કર્યું છે તે આપે નિવારણ જ કર્યું છે. નિવારણ કરવાનો અર્થ છે પિતૃ સત્તા વિષે અને પિતૃ સત્તા આધારિત સામાજિક માળખાં વિષે એક ટીકાત્મક નજર ઉભી કરવી. જયારે તમે ચર્ચા સમૂહોમાં વિડીયો જોઈ રહ્યાં હશો અને મુદ્દાઓ ઉપર સંવાદ કરી રહ્યાં હશો ત્યારે નિવારણ જ થઇ રહ્યું હશે.

## નેસ્તોનાબુદ કરો

સમાજમાં જડ ઘાલી ગયેલી પિતૃ સત્તાને પડકાર આપવો એ કંઈ સહેલું કામ નથી જોકે એનો અર્થ એ પણ નથી કે તે અસંભવ છે અને તે આપણે નહિ કરી. અમે આશાવાદી છીએ અને માનીએ છીએ કે દરેક વ્યક્તિ સક્ષમ હોય છે અને પોતાના સમુદાયમાં ભલે નાનું તો નાનું પણ મહત્વપૂર્ણ પરિવર્તન આણી શકે છે. પરિવાર અને સમાજને સમાનતા અને ન્યાય તરફ એક કદમ તો એક કદમ પણ આગળ વધારી શકે છે. કોઈપણ સમસ્યાનાં ઉકેલ માટે સહુ પ્રથમ જરૂરી હોય છે કે સમસ્યાનો સ્વીકાર કરવો, પછી એના પર સંવાદ કરવો અને એને સમજવી જેથી ઉકેલ માટેનાં વિકલ્પ શોધી શકાય. આપણે આપણાં જીવનમાં જે પરિવર્તન લાવવા માંગીએ છીએ તે કેવી રીતે આવશે તેની રણનીતિ ઘડવાનો મંચ એ ડિસ્કશન ક્લબ યાને કે ચર્ચા સમૂહ છે.

## ડિસ્કશન ક્લબ (ચર્ચા સમૂહ) કેમ:

અગાઉ પણ કહ્યું છે કે કોઈપણ સમસ્યાનાં ઉકેલ માટે સહુ પ્રથમ જરૂરી હોય છે કે સમસ્યાનો સ્વીકાર કરવો, પછી એના પર સંવાદ કરવો અને એને સમજવી જેથી ઉકેલ માટેનાં વિકલ્પ શોધી શકાય. ડિસ્કશન ક્લબ યાને કે ચર્ચા સમૂહ એક એવો મંચ હશે જ્યાં લૈંગિક મુદ્દાઓ ઉપર વિડીયો દર્શાવવામાં આવશે અને મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. અહીં સંભવિત ઉકલો વિષે વાત થશે અને તેના માટે શું શું કરી શકાય એમ છે તે પણ નક્કી થશે.

## ડિસ્કશન ક્લબ (ચર્ચા સમૂહ) કોણ ચલાવશે અને સંભાળશે

એ તમામ સીસી જેઓ લૈંગિક મુદ્દા પરનાં આ અભિયાન માટે પસંદ થયા છે અને જેમને વિડીયો વોલેન્ટીયર્સ એ પ્રશિક્ષિત કર્યા છે તેઓ ડિસ્કશન ક્લબ યાને કે ચર્ચા સમૂહનું સંચાલન કરશે. ૧૬ રાજ્યોનાં ૭૦ સીસી પોતપોતાનો ચર્ચા સમૂહ મંચ ચલાવશે. આ માર્ગદર્શિકા ચર્ચા સમૂહનાં સંચાલનમાં તમને પ્રત્યેક કદમ પર મદદરૂપ બનશે.

## ડિસ્કશન ક્લબ (ચર્ચા સમૂહ)નું ગઠન કેવી રીતે કરીશું

નીચે લખેલા ત્રણ પગથિયા દ્વારા તમે તમારી ડિસ્કશન ક્લબ (ચર્ચા સમૂહ)નું  ગઠન અને સંચાલન કરી શકો છો. ત્રણ પગથિયા :

**૧. ડિસ્કશન ક્લબ (ચર્ચા સમૂહ)નાં સભ્યોની પસંદગી :** તમે બધા જ પોતાનો સમૂહ જાતે નક્કી કરવા માટે સ્વતંત્ર છો તેમ છતાં કેટલાક ઉદાહરણ આ મુજબ છે.

- ફક્ત તમારા ગામનાં સ્વસહાય જૂથ (એસ.એચ.જી)ની મહિલાઓ
- ફક્ત પરિણીત મહિલાઓ
- મહિલાઓ અને પુરુષોનો મિશ્ર સમૂહ
- ફક્ત કિશોરીઓનો સમૂહ
- ફક્ત કિશોરોનો સમૂહ
- કિશોર અને કિશોરીઓનો મિશ્ર સમૂહ
- ફક્ત કોલેજનાં વિદ્યાર્થીઓનો સમુહ
- અથવા આજ પ્રકારનાં અન્ય કોઈ સમૂહ

જેમની સાથે ચર્ચાઓનાં સંકલનમાં સરળતા રહેશે એમ તમને લાગતું હોય એ પ્રકારનો સમૂહ બનાવો. સમૂહની સંખ્યા ૧૦થી ૧૫ની વચ્ચે હશે. જો તમે મોટા સમૂહનું સંચાલન કરવા માટે સક્ષમ હો તો તમે મોટો સમૂહ પણ

બનાવી શકો છો. જોકે, તો પણ ૧૮થી વધુ સભ્યોની ભલામણ અમે નથી કરતા કેમકે જો સમૂહ બહુ જ મોટો હશે તો દરેકને પોતાની વાત કહેવાનો અને અનુભવો વહેંચવાનો પુરતો સમય અને તક નથી મળતા.

સમૂહ એવો હોવો જોઈએ જે કમસેકમ ૨ કે ૩ મહિનામાં એક વાર ૨ કલાક માટે મળે. જે સમૂહનું તમે ગઠન કરો તે નિયમિત હોવો જોઈએ મતલબ કે એજ સમૂહ દરેક ચર્ચામાં ભાગ લેશે. પિતૃસત્તા વિષે ટીકાત્મક સમજ ઉભી કરવા માટે તે ખાસ જરૂરી છે. **એટલે તમે જ દરેક ચર્ચા માટે અલગ સમૂહ પસંદ ન કરી શકો.**

**૨. સ્થળની પસંદગી :** વિડીયો જોવા માટે અને ચર્ચાનાં સંચાલન માટે યોગ્ય સ્થળની પસંદગી ખૂબ જ જરૂરી છે. એક એવો ઓરડો હોવો જોઈએ જેમાં તમામ સભ્યો બેસી શકે. આના માટે તમે તમારું ઘર, ઓફીસ, એન.જી.ઓ અથવા સામુદાયિક ભવનની પસંદગી કરી શકો છો. સ્થળ પસંદગીમાં નીચેની બાબતોનું ખાસ ધ્યાન રાખવું : -

- એવી જગ્યા પસંદ કરો જે મહિલાઓ માટે સુરક્ષિત હોય અને તે કોઈ પણ દબાણ વગર ખુલીને વાત કરી શકે.
- જગ્યા સમૂહનાં સભ્યોની પહોંચમાં હોવી જોઈએ મતલબ ઘરથી બહુ દૂર ન હોય.
- સ્થળ પર વીજળીની સગવડ હોય અને પ્લગ પોઈન્ટ વગેરે હોય જેથી તમે કેમેરો/લેપટોપ વગેરે ચાર્જ કરી શકો.
- સ્થળ પર બ્લેક બોર્ડ કે સફેદ બોર્ડ હોય તે આવકાર્ય છે કેમકે કેટલાક અભ્યાસ માટે તેની જરૂર પડી શકે છે.
- જગ્યા શક્ય હોય ત્યાં સુધી નિશુલ્ક અથવા નજીવી કિંમત પર ઉપલબ્ધ હોય.
- જો સમુહને કોઈ વાંધો ન હોય તો દરેક ચર્ચા માટે અલગ જગ્યા પણ પસંદ કરી શકાય છે. સમૂહનાં સભ્યોનાં ઘરે જ વારાફરતી ચર્ચા યોજાય તેમ પણ કરી શકાય.

**૩. બેઠકોની નિયમિતતા :** સમૂહ ૨-૩ મહીને ઓછામાં ઓછું એક વાર મળે તે જરૂરી છે. તમને બધાને એક કેલેન્ડર આપવામાં આવશે જેથી તમે સમૂહની બેઠકોની યોજના બનાવી શકશો. દરેક બેઠક ઓછામાં ઓછી ૨ કલાકની હોવી જોઈએ.

તમે સમૂહ અને સ્થળની પસંદગી કરી લો એટલે તરત જ તમારા રાજય સંયોજકને અથવા તો સીધા ગોવા ઓફિસને જાણ કરો. એક યાદી બનાવો જેમાં સમૂહનાં સભ્યોનું નામ, વય અને સરનામું સ્પષ્ટ લખેલું હોય. આ યાદીને રાજય સંયોજક અથવા ગોવા ઓફિસને મોકલી આપો.

## ડિસ્કશન ક્લબ (ચર્ચા સમૂહ) માટે આર્થિક જોગવાઈ

એક ચર્ચા બેઠક માટે ૩૦૦૦ રૂપિયાની રકમ તમને આપવામાં આવશે. આશા છે કે આવનારા ૧૭ મહિનામાં (નવેમ્બર ૨૦૧૭ સુધી) તમે ૩-૪ ચર્ચાઓનું આયોજન જરૂર કરશો.

અમારું મંતવ્ય છે કે સમૂહનાં સભ્યોનું ભાડું તમારે ન ભોગવવું જોઈએ મતલબ સમુહમાં તમારા સમુદાય કે તેની આસપાસનાં વ્યક્તિઓની પસંદગી કરવી જોઈએ.

રકમનો વપરાશ કેવી રીતે કરવો તે તમારી ઉપર આધાર રાખે છે. અમારા તરફથી એના વપરાશ અંગે કોઈ કડક નિયમ નથી.

જો તમે તમારા સમૂહ માટે ચા-નાસ્તાની સગવડ કરવા માંગતા હો કે ચર્ચા માટે સ્ટેશનરી (ચાર્ટ, પેન, સ્કેચ પેન, માર્કર, ડસ્ટર, કાગળ વગેરે) ખરીદવા માંગતા હો તો એની સગવડ તમારે આ રકમમાંથી જ કરવાની છે.

અમારો અંદાજ છે કે દરેક ચર્ચામાં સરેરાશ ૭૦૦ કે ૧૦૦૦થી વધારે ખર્ચ નહિ થાય. મતલબ તમારા સમય અને આયોજનની એવજમાં ૨૦૦૦ રૂપિયા તમારી પાસે બચશે.

## ચર્ચાનું સંચાલન કેવી રીતે કરવું.

**ચર્ચા માટે વિષયની પસંદગી :** લૈંગિક મુદ્દા પરનાં તમામ વિડીયોને વિષય અને પેટાવિષય અંતર્ગત શ્રેણીબદ્ધ કરવામાં આવેલા છે. તમે તમારી જેન્ડર પ્રોજેક્ટ ક્ષેત્રીય માર્ગદર્શિકામાં જોશો તો દેખાશે કે સ્ટોરી આઈડિયાને વિવિધ વિષય અને પેટા વિષયમાં આવરી લેવાયેલા છે.

- દર બે મહીને તમને ગોવા ઓફિસેથી વિષય અને પેટાવિષયને આવરી લેવાયેલા કેટલાક વિડીયો પેન ડ્રાઈવમાં આપવામાં આવશે. મતલબ પેન ડ્રાઈવમાં વિષય અને પેટા વિષયનાં ફોલ્ડર હશે જેમાં તેને લગતા વિડીઓ હશે.
- તમને જે વિડીયો મળશે તે અલગ અલગ સીસી દ્વારા બનાવવામાં આવેલા હશે મતલબ કે તમે લૈંગિક મુદ્દે કોઈ વિડીયો નહિ બનાવ્યો હોય તો પણ તમે ચર્ચાનું સંચાલન કરી શકો છો.
- દરેક ચર્ચામાં બે કે ત્રણ પેટા વિષયની પણ ચર્ચા માટે પસંદગી કરી શકાય છે.
- ચર્ચા માટે પેટા વિષયની યોગ્ય પસંદગી ખૂબ જ જરુરી છે. પેટા વિષયની પસંદગી તમારા સમૂહની બનાવટ અને જરૂરિયાત શું છે તેનાં પર નિર્ભર કરે છે. ઉદાહરણ તરીકે : શું તમારા સમુહમાં ફક્ત પુરુષ છે, કિશોરીઓ છે, કિશોરો છે, મહિલા-પુરુષનો મિશ્ર સમૂહ છે વગેર. જે તમારા સમૂહ માટે સહુથી વધુ જરૂરી હોય એવો વિષય પસંદ કરવો જોઈએ.

**ચર્ચાની તૈયારી :-** મહેરબાની કરીને કોઈ પણ ચર્ચાનું સંચાલન તૈયારી વગર ન કરો. તમે આ રીતે સહેલાઈથી ચર્ચાનું સંચાલન કરી શકો છો :

- જે વિડીયો દર્શાવવાનાં છો તેને પહેલા પોતે જોઈ જુવો. એક વિડીયો ઓછામાં ઓછી ૪-૫ વાર જુવો જેથી તમે વાકેફ થઇ જાવ કે વિડીયોમાં મહત્વપૂર્ણ મુદ્દાઓ અને દ્રષ્ટિકોણ ક્યા ક્યા છે.
- ખાસ કરીને જેન્ડર શું છે અને પિતૃસત્તા શું છે વગેરે જેવા ક્ષેત્રીય માર્ગદર્શિકાનાં શરૂઆતનાં કેટલાક પાનાં અવશ્ય વાંચો.
- જે પેટા વિષય પર ચર્ચા આયોજિત થવાની છે તે પેટા વિષયનાં સ્ટોરી આઈડિયા ભાગને વાંચો.
- આપની જે વિડીયો દર્શાવવાનું આયોજન હોય તેની ડિસ્કશન નોટ યાને કે ચર્ચા નોંધને ખાસ વાંચો. તૈયારી માટે તે ખાસ જરૂરી છે.
- વિડીયોને તમારા ટેબ્લેટ પર ટ્રાન્સફર કરીને તે બરાબર ચાલે છે કે નહિ તે સારી રીતે ચકાસી લો.
- જો તમારા ટેબ્લેટમાં જગ્યા નહિ હોય તો તમને મેમરી કાર્ડની જરૂર પડશે. અવાજ વધારવા માટે અલગ સ્પીકરની પણ જરૂર પડી શકે છે. આજકાલ ઓછા ભાવે લગભગ ૫૦૦ રૂપિયામાં નવા સ્પીકર ખરીદી શકાય છે.
- તમારો કેમરો અને ટેબ્લેટ બરાબર ચાર્જ છે તેની ખાતરી કરી લો.
- ચાર્ટ, પેન વગેરે તૈયાર રાખો.

**ડિસ્કશન નોટ :-** જે વિડીયો તમે બતાવવા જઈ રહ્યાં છો તેની પર ચર્ચાનાં સંચાલનમાં તે તમારી મદદ કરશે.

- આ જેન્ડર પ્રોજેક્ટમાં જેટલા પણ વિડીયો છે તે તમામની અલગ ડિસ્કશન નોટ (ચર્ચા નોંધ) છે.
- આ માર્ગદર્શિકા સાથે ૧૦ ડિસ્કશન નોટ છે, બાકીની તમને વિડીયો સાથે મોકલવામાં આવશે. આ રીતે જયારે પણ તમને કોઈ નવો વિડીયો મળશે તો એની સાથે ડિસ્કશન નોટ પર્ણ મળશે.
- દરેક ડિસ્કશન નોટની ઉપર વિષય અને પેટા વિષય સાફ સાફ લખેલા છે. જયારે તમને નવો વિડીયો મોકલવામાં આવે ત્યારે તેને વિષય અને પેટા વિષય મુજબ ગોઠવી લો.
- દરેક ડિસ્કશન નોટમાં વિડિયોનું વિવરણ, ચર્ચા દરમિયાનનો અભ્યાસ અને સમૂહને પૂછવાનાં સવાલો વગેરે સામેલ કરવામાં આવે છે.
- અમારું માનવું છે કે ડિસ્કશન નોટ વાંચ્યા બાદ તમારા દિમાગમાં અનેક સવાલો ઉભા થશે. આ સવાલોને લખી લો અને સમુહમાં રજુ કરો જેથી વધુ સારપૂર્ણ ચર્ચા થઇ શકશે.
- ચર્ચાનાં સંચાલન માટે તમે પોતે પણ કોઈ પદ્ધતિ વિચારી શકો છો.

**રિપોર્ટીંગ (અહેવાલ) :-** તમે ડિસ્કશન  ક્લબ (ચર્ચા સમૂહ)ની દરેક બેઠક બાદ એક સંક્ષિપ્ત અહેવાલ અમને મોકલશો. તમારા અહેવાલમાં નીચેની બાબતો સામેલ કરો :

- તમારું નામ, રાજય, જીલ્લો અને અહેવાલ મોકલ્યા તારીખ.
- ડિસ્કશન  ક્લબ (ચર્ચા સમૂહ)ની બેઠકની તારીખ અને સ્થળ
- નામ, વય, સરનામું અને સહી સાથે સભ્યોની યાદી.

- **તસવીર :** તમારા કેમેરાથી ફોટો ખેંચીને અમને મોકલો :
    - દરેક સભ્યનો એક ફોટો(સી.યુ/ચહેરા શોટ). પાસપોર્ટ સાઈઝ જેમ કોઈ ઔપચારિક ફોટો ખેંચવાની જરૂર નથી. ફોટોનું નામ બદલીને તેને સભ્યનું નામ આપી દેવું.
    - જ્યાં તમે બેઠક કરો છો એ જગ્યા તે અમે જોવા માંગીએ છીએ અને કેવી રીતે કરો છો તેનો પણ અનુભવ કરવા માટે ઉત્સુક છીએ. એટલે જેમાં સમૂહનો ઈએલએસ (માહોલ શોટ), એમએસ( અર્ધો શોટ/મીડ શોટ) અને થોડા ક્લોઝ અપ હોય એવા બેઠકનાં પણ ૪-૫ ફોટો અમને મોકલો.
- **વિડીયો :** અમને આખી ચર્ચા કે બેઠકનો વિડીયો નથી જોઈતો. કૈક આ પ્રકારનો વિડીયો હોવો મોકલો.
    - જેમાં સમૂહ વિડીયો જોઈ રહ્યો હોવ એવો એક ૨૦ સેકંડનો શોટ.
    - જેમાં સમૂહ  મુદ્દા પર ચર્ચા કરતો હોય એવો એક ૨૦ સેકંડનો શોટ.
    - ભાગ લેનારા કેટલાક સભ્યોનાં બોલતા અને ચર્ચા કરતાં સીયુ ( ચહેરા શોટ).

આ માર્ગદર્શિકાને અંતે અહેવાલનું એક માળખું આપવામાં આવેલું છે. તેની નકલ કરી લો. ચર્ચા પછી તેને ભરીને વિડીયો સાથે રાજય સંયોજકને અથવા તો સીધા ગોવા ઓફિસને મોકલી આપો. જે દિવસે બેઠક હોય તે જ દિવસે ફોટો-વિડીયો અને અહેવાલ કરી લેવો બહેતર છે, તે કરવામાં તમને પણ એ સમયે સરળતા રહેશે.

**ચુકવણી :** ગોવા ઓફિસમાં અહેવાલ મળ્યે તરત જ આપની ચુકવણી કરવામાં આવશે. ચુકવણીની રકમ સીધી તમારા બેંક અકાઉન્ટમાં જમા કરવામાં આવશે.

# વિષય: **સ્ત્રીઓનાં કામ, પુરૂષોનાં કામ**

## પેટા વિષય : **લૈંગિક આચારસંહિતાઓ**

વિડીયો : **લૈંગિક ભેદભાવને આધારે બાળકોનો ઉછેર** | સીસી : **અનીલ કુમાર સરોજ** | UID: **UP_1369**

**નોંધ :** શરૂઆત એક અભ્યાસથી કરીશું
**અભ્યાસ સામગ્રી :** કાગળ અને પેન

**અભ્યાસ :** સમુહને નાના નાના જુથમાં વહેંચી દો. ત્યારબાદ સમુહને સ્ત્રી અને પુરુષનાં દિવસનાં ૨૪ કલાકની કલ્પના કરવાનું કહો અને બેઉનાં કામોની યાદી બનાવતા જાઓ. સ્ત્રી કે પુરુષનું એકે કામ રહી ન જવું જોઈએ એવી સુચના સમુહને આપો. યાદીને ચોક્કસ બનાવો.

( **નોંધ :** જુવો કે શું મહિલાઓનાં તમામ કામોને સામેલ કરવામાં આવ્યા છે. બાળકને દૂધ પિવડાવવું, ભરત-સિલાઈ, બાળકની દેખરેખ વગેરે પણ સામેલ છે ? સામાન્યપણે સ્ત્રીઓ દ્વારા કરવામાં આવતા ઘણા બધા કામોને "કામ" તરીકે ગણવામાં નથી આવતા એ વાતનું ધ્યાન રાખો. એ પછી જુવો કે સ્ત્રી-પુરુષનાં દિવસમાં શું અંતર છે. કામમાં શું અંતર છે. કામનાં કલાકો કેટલા છે. કામ દરમિયાન આરામની હાલત શું છે. ઊંઘ કેટલી મળે છે. નિર્ણયાત્મક કામોમાં કોની ભાગીદારી વધુ છે. કામનું દબાણ કોની ઉપર કેટલું છે અને કેવી રીતે છે. આ બધા સવાલોની આસપાસ ચર્ચાને સંચાલિત કરો અને અભ્યાસ દરમિયાન જે તસ્વીર સામે આવી છે તે દર્શાવો. કહો કે, આના મુળિયા બાળપણમાં છે અને વિડીયો બતાવો.)

**વિડીયોનું વિવરણ :** વિડીયોનું મુખ્ય પાત્ર ખુશ્બુ છે અને સહ્પાત્ર એનો ભાઈ શનિ છે. આ બેઉ એક જ પરિવારનાં સભ્ય છે પરંતુ બેઉની પરિસ્થતિમાં દિવસ-રાતનો તફાવત છે. વિડીયોની શરૂઆતમાં છોકરાને કેટલાક કામો વિષે તે કોણ કરે છે એમ પૂછવામાં આવે છે ત્યારે છોકરો કહે છે કે છોકરી કરે છે. પછી ખુશ્બુ કહે છે કે તે શું શું કામ કરે છે. વિડીયોમાં સીસી છોકરાને પૂછે છે કે તું રસોઈનું કામ કેમ નથી કરતો તો એ આ સવાલ પર હસે છે. ખુશ્બુ કહે છે કે ના તો રમવાનો સમય છે ન તો ભણવાનો કે ન તો આરામ કરવાનો. છેલ્લે એ કહે છે કે ડોક્ટર બનવા માંગે છે.

(**નોંધ :** જો તમે ઈચ્છો તો આ આખો વિડીયો ફરી જોઈ શકો છો અથવા ચર્ચા શરૂ કરાવો. સવાલ પૂછો.)

**સવાલ : છોકરાએ કયું કામ કરવાનું અને છોકરીએ કયું કામ કરવાનું તે બાળકોને કેવી રીતે ખબર પડે છે ?**

( **નોંધ :** જેના થકી છોકરાઓ અને છોકરીઓને ખાસ રીતે ઉછેરમાં આવે છે એ માધ્યમોની શોધ કરવાની છે. છોકરાનાં કામ કયા છે અને છોકરીના કામ કયા છે તેની બાળકોને કેવી રીતે ખબર પડે છે તે મુદ્દે ચર્ચા કેન્દ્રિત

રહેવી જોઈએ. આ કોણ શીખવે છે અને કેવી રીતે શીખવે છે. ચર્ચા બાળપણથી લૈંગિક આધારે શરૂ થતી કામની વહેંચણી પર થશે પરંતુ પ્રશિક્ષણ શબ્દનો ઉપયોગ આપણે એકવાર પણ નહિ કરીએ. ચર્ચાને આગળ વધારવા માટે આ પુરક સવાલ પૂછો.)

**પુરક સવાલ : બીજી કઈ કઈ બાબતો છે જેનાથી બાળકોના દિમાગમાં આ ધારણાઓ કાયમી થઇ જાય છે?**

(**નોંધ :** મોટાભાગનાં અભ્યાસક્રમોમાં આવા વિધાન કે તસ્વીરો જોવા મળે છે જે આ ધારણાને મજબુત કરે છે. જેમકે, મોહન શાળાએ જાય છે, કમલા કપડાં ધુવે છે. જો તમને લાગે કે ચર્ચા આગળ નથી વધી રહી તો કૈક આ પ્રકારનાં સવાલ પૂછી શકાય.)

- **સવાલ : છોકરાઓને ઘરનું કામ કેમ નથી કરવા દેતા ?**
- **સવાલ : શું આનાથી કોઈ નુકશાન છે કે તે ઘર ચલાવવા જરૂરી છે ?**
- **સવાલ : છોકરા-છોકરીમાં કામનું આવું વિભાજન કેમ કરવામાં આવ્યું ?**
- **સવાલ : શું આ ફક્ત છોકરીઓ માટે જ અમાનવીય છે કે પછી છોકરાઓ માટે પણ અમાનવીય છે ?**

(**નોંધ :** જયારે તમને લાગે છે હવે એની એજ વાત ફરી થઇ રહી છે ત્યારે સમુહને રોકીને વિડીયો ચાલુ કરો અને જ્યાં ચાર બાળકો બેસીને જામી રહ્યાં છે ત્યાં ૧:૦૯ સમય પર વિડીયોને રોકી દો. સમુહને સવાલ પૂછો)

**સવાલ : શું આ ચિત્રમાં તમને કોઈ વાત અજબ લાગે છે?**

( **નોંધ :** ચિત્રમાં બાળકો જામી રહ્યાં છે. ત્રણ છોકરાઓ પાસે દૂધ છે અને છોકરી પાસે દૂધ નથી. ચર્ચા આગળ વધારવા માટે પ્રેરક સવાલ પૂછી શકો છો.)

**પુરક સવાલ :**

- **જો કામ મુજબ જોઈએ તો છોકરીને વધુ દૂધ મળવું જોઈએ પણ મળે છે છોકરાને. મા-બાપ આવું કેમ કરે છે ?**
- **શું તમે કદી તમારા બાળકો સાથે આવું કર્યું છે ?**
- **શું બાળપણમાં તમારી સાથે આવું થયું છે ?**

( **નોંધ :** છોકરા અને છોકરીનાં પોષણ સંબંધિત સામાજિક અને પારિવારિક વલણોને ચર્ચામાં લાવો. ત્યારબાદ વિડીયો જ્યાં રોક્યો હતો ત્યાંથી ફરી શરૂ કરો અને ૧:૪૫ પર જ્યાં છોકરો પોતાના કામ ગણાવી રહ્યો છે કે તે સાંજે વાંચે છે અને દિવસે કોગળા કરે છે. તે છોકરીનાં કામ ગણાવે છે અને પછી કહે છે "બસ". સવાલ પૂછો.)

**સવાલ : છોકરાએ પોતાનાં કામો આગળ "બસ" ન લગાવ્યું અને છોકરીનાં કામો વધુ હોવા છતાં "બસ" કેમ લગાવ્યું ?**

( **નોંધ :** જ્યાં વિડીયો રોક્યો હતો ત્યાંથી જ ફરી શરૂ કરો અને ૧:૫૦ પર જ્યાં તું રસોઈનું કામ કેમ નથી કરતો એવો સવાલ છોકરાને પૂછવામાં આવે છે ત્યાં રોકો. એ અજબ રીતે હસે. સવાલ પૂછો.)

**સવાલ : એ હસ્યો કેમ ?**

(**નોંધ :** જવાબ એક જ વાક્યમાં આવે તો હસ્તક્ષેપ કરીને ચર્ચાને આગળ વધારો. જેમ કે, ચાલો કલ્પના કરીએ કે એના દિમાગમાં શું ચાલતું હશે. ઉદાહરણ. એને લાગ્યું હશે કે આ તો કંઈ સવાલ છે ! બધાને ખબર છે જ કે રસોઈનું કામ છોકરાઓ ન  કરે. આના પછી વિડીયો ફરી ત્યાંથી જ શરૂ કરો અને ૨:૨૧ પર રોકો. છોકરી કહે છે કે એ ડોકટર બનવા માગે છે. સવાલ પૂછો.)

**સવાલ : શું ખુશ્બુ પોતાનું સપનું પૂરું કરી શકવાની સ્થિતિએ છે ?**

( **નોંધ :** કદાચ ચર્ચા ગરીબ પરિવારની આસપાસ જઈ શકે. ખુશ્બુ ગરીબ છે અને ડોક્ટર નહિ બની શકે એમ પણ કહેશે. યાદ રાખો. આપણે ગરીબી પર નહીં પરંતુ સંભાવનાઓ પર વાત કરી રહ્યાં છીએ. તમે આ પુરક સવાલ પણ પૂછી શકો છો.)

**પુરક સવાલ : ધારો કે ખુશ્બુ કોઈ રીતે ડોક્ટર બની પણ ગઈ તો પણ ખાવાનું બનાવવા જેવા ઘરનાં કામોમાં એની મદદ કરે એવો એને પતિ મળશે ?**

# વિષય : **સ્ત્રીઓનાં કામ, પુરુષોનાં કામ**

## પેટા વિષય : **લૈંગિક આચારસંહિતાઓ**

---

વિડીયો : **બાળપણ, ભાર, બેપરવાઈ |** સીસી : **મમતા પાત્રા |** UID: **OD_1185**

---

(**નોંધ** : બેઠકની શરૂઆત અભ્યાસથી કરો. આ અભ્યાસ દરમિયાન ફક્ત બાળપણ વિષે જ વાતો કરો. આપણે પોતાની તરફથી જેન્ડર વિમર્શ શરૂ કરવાનો નથી. જેન્ડર પર નહીં પરંતુ બાળપણ પર વાત કરો. બાળપણમાં સમૂહનાં સભ્યોની ધારણાઓ અને અનુભવ કેવા હતા તેને જાણવાની કોશિશ કરો. એમને મોકળાશથી વાત કરવા દો.)

**અભ્યાસ સામગ્રી :** બ્લેક બોર્ડ, ચોક, અને ડસ્ટર, ચાર્ટ પેપર અને સ્કેચ પેન

**અભ્યાસ :** બ્લેક બોર્ડ કે ચાર્ટ પેપર પર બે ભાગ બનાવો. પહેલા ભાગમાં " બાળપણ" લખો. ત્યારબાદ સમૂહનાં સભ્યોને કહો કે તેઓ ફક્ત એક એક શબ્દમાં બાળપણ શું છે તે જણાવે. તમે એમના જવાબોને લખતા જાઓ. ત્યારબાદ બીજા ભાગમાં લખો " સપનાનું બાળપણ" સમુહને તેમના સપનાનાં બાળપણની કલ્પના કરવાનું કહો. કોશિશ કરો કે તેઓ એક કાલ્પનિક આદર્શ દુનિયામાં જાય અને તેમની ચર્ચામાં પતંગિયાઓ, ફુગ્ગાઓ, ફૂલો, પંખીઓ વગેરે આવે. આ શબ્દોને પણ બ્લેક બોર્ડ પર લખી દો.

( **નોંધ :** કોશિશ કરો કે સમુહમાં એક માનવીય અહેસાસ ઉભો થાય અને તે તેને અનુભવી શકે. ત્યારબાદ તેમને કહો કો આવો હવે બાળપણ વિષે એક વિડીયો જોઈએ. )

**વિડીયોનું વિવરણ :** વિડીયો શરૂ થાય છે ત્યારે એક છોકરો ખુરશી પર બેઠેલો છે. એને પૂછવામાં આવે છે કે છોકરાઓ શું શું કામ કરે છે ત્યારે તે કહે છે કે ક્રિકેટ રમે છે, પશુઓને ચરવવા લઇ જાય છે, ભાત ખાય છે અને ખુરશી પર બેસે છે. પછી એક છોકરી કહે છે કે તે શું શું કામ કરે છે. એ કહે છે કે ઘરની સફાઈ કરું છું, ખીચડી બનાવું છું, પશુઓની દેખરેખ રાખું છું, નાના બાળકોને ખવડાવું છું. જયારે પૂછવામાં આવે છે કે શું નાના બાળકોને પિતા પણ ખવડાવે છે તો એ કહે છે કે ના, નથી ખવડાવતા. એના ઘરે છોકરીઓ શું શું કામ કરે છે એ બીજો એક છોકરો કહે છે. તે પાણી ભરીને લાવે છે, ખેતરમાં જમવાનું આપવા જાય અને જમવાનું બનાવે છે. છોકરી કહે છે કે એ જમવાનું બનાવે છે અને બધાને પીરસે છે. એને પૂછવામાં આવે છે કે તું ક્યારે જમે છે તો એ કહે છે કે જયારે બધા જમી લે ત્યારે છેલ્લે જમે છે

( **નોંધ :** યાદ રાખો કે આ વિડીયોની અગાઉ આપણે બાળપણ વિષે એક અભ્યાસ કરી લીધો છે. અભ્યાસ અને વિડીયો વચ્ચે પરસ્પર વિરોધાભાસ હશે. કદાચ વિડીયો પછી આપોઆપ ચર્ચા શરૂ થઇ જશે. તમે પણ ચર્ચામાં

ભાગ લો. વાતોમાંથી વાત નિકાળો. દરેકની વાત સ્પષ્ટ રીતે બાહર આવે એવી કોશિશ કરો. ચર્ચાને ચાલવા દો. જો તમને લાગે કે ચર્ચા આગળ નથી વધી અને એની એ જ વાતો ફરીફરીને થઇ રહી છે તો સવાલો પૂછો. )

**સવાલ : બાળકો સાથે આપણે આ શું કરી રહ્યાં છીએ ?**

( **નોંધ :** વિડીયોની શરૂઆતમાં ( ૦:૧૨) છોકરાને જયારે પૂછવામાં આવે છે કે તે શું કામ કરે છે ત્યારે તે કહે છે કે તે ભાત ખાય છે અને કુર્સી પર બેસે છે. )

**સવાલ : ભાત ખાવો કે ખુરશી પર બેસવું શું એ કામ છે ?**

**સવાલ : તેણે આવું શું કામ કહ્યું ? શું એટલા માટે કે તેની પાસે બતાવવા માટે કોઈ કામ જ નથી ?**

( **નોંધ :** સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે કામનું આવું વિભાજન ફક્ત છોકરીઓ માટે જ ભારરૂપ છે. વળી કોઈક આને દયા કે બિચારી છોકરીઓ જેવા ભાવથી જુવે છે. તેને છોકરાઓનાં સંદર્ભમાં જોવામાં જ નથી આવતું. એટલે જયારે તમને લાગે કે ચર્ચામાં કોઈ નવી વાત નથી થઇ રહી તો આ ત્વરિત નીચેનો અભ્યાસ કરો.)

**અભ્યાસ સામગ્રી :** બ્લેક બોર્ડ, ચોક અને ડસ્ટર

**અભ્યાસ :** સમુહને પૂછો કે બાળપણમાં છોકરાઓનું આ રીતે ઘડતર થવાથી તેમને શું શું નુકશાન થાય છે. બીજી વાત એ પૂછો કે બાળપણમાં છોકરાઓને જે વિશેષ અધિકાર આપવામાં આવે છે તેને લીધે શું શું નુકશાન થાય છે. બધુ બ્લેક બોર્ડ પર લખતા જાવ. જવાન છોકરાઓની એવી કઈ ખોટી માન્યતાઓ અને વૃતિઓ છે જેના જેને તમે બાળપણ સાથે જોડીને જોઈ શકો છો. મતલબ બાળપણમાં આવું કરવામાં આવ્યું તો મોટા થયા ત્યારે આમ થયું. આના પછી સમુહમાં ચર્ચા થવા દો

(**નોટ :** બાળપણ અને છોકરા-છોકરીનાં ઘડતર ઉપર ઘણી વાતો થશે. ચર્ચાને પાછી કામના વિભાજન પર લઇ આવવા માટે બીજો એક ઝડપી અભ્યાસ કરો. )

**અભ્યાસ સામગ્રી :** બ્લેક બોર્ડ, ચોક અને ડસ્ટર

**અભ્યાસ :** બોર્ડ પર બે ભાગ બનાવો. એ ભાગમાં લખો છોકરી અને બીજા ભાગમાં લખો છોકરો. સમુહને પૂછો કે આપણે છોકરીને ક્યા ક્યા કામ શીખવીએ છીએ. આ કામ એ ભાગમાં લખતા જાવ. હવે છોકરાઓને ક્યા ક્યા કામ શીખવીએ છીએ એમ પૂછો અને તે કામને પણ બીજા છોકરાવાળા ખાનામાં લખતા જાવ. આ રીતે બોર્ડ પર બે યાદીઓ બની જશે. બોર્ડ પર નજર નાખો અને જુવો કે કોણ વધુ શીખી રહ્યું છે અને કોણ ઓછું શીખી રહ્યું છે. બેઉના ઘડતર અને કામમાં ક્યાં પ્રકારના વલણો સામે આવે છે. ત્યારબાદ સમુહને કહો કે અભ્યાસ પછી જે તસ્વીર દેખાઈ રહી છે એને લઈને પોતે એને બદલવા માટે શું શું કરી શકાય એમ છે. બદલાવની પ્રક્રિયા ઘરેથી શરૂ કરો.

(**નોંધ :** દરેક સભ્ય પોતાને માટે કોઈને કોઈ કામ જરૂર નક્કી કરે. ઉદાહરણ તરીકે કોઈ સભ્ય જેની મનાઈ છે એવી કામ પોતાના દીકરા કે દીકરીને શીખવશે એવું નક્કી કરી શકે છે. )

# વિષય : **સ્ત્રીઓનાં કામ, પુરુષોનાં કામ**

## પેટા વિષય : **માન્યતા તોડો, દ્રષ્ટિકોણ બદલો**

---

વિડીયો : **વિમલા દેવીનો ઢાબો** | સીસી : **સંજય કુમાર જયસ્વાલ** | UID: **UP_1378**

---

**વિડિયોનું વિવરણ :** એક મહિલા ચાની દુકાન પર સમોસા બનાવી રહી છે ત્યાંથી વિડીયો શરૂ થાય છે. તેને પૂછવામાં આવે છે કે તમે ચાની દુકાન ચલાવો છો તો તમારા પતિ મનાઈ નથી કરતા. એ કહે છે કે આટલું બધું કર્યા પછી મનાઈ તો શું કરે પણ ઝગડો કરે છે. સીસી પૂછે છે કે શું તમે ઝગડો કરો છો ? તો એ કહે છે એ હું શું કામ ઝગડો કરૂં, એ કરે છે. સીસી પૂછે છે તો તમે શું કરો છો ? એ કહે છે, હવે શું બોલવું ? ચુપ થઇ જાઉં છું. મહિલા કહે છે કે એ ૧૫ વર્ષથી ચાની દુકાન ચલાવે છે. ૬ બાળકો છે, ત્રણ છોકરીઓ અને ત્રણ છોકરાઓ. બધા ભણવા જાય છે અને પાસ થઇ જાય છે. પતિ મજુરી છે. તે પોતાની દુકાન વિષે કહે છે. કહે છે કે પકોડા બનાવું છું, સમોસા બનાવું છું, નમકીન બનાવું છું અને એકલી દુકાન ચલાવું છું. ઘણીવાર ભીડ થઇ જાય છે તો કોઈ ચા માંગે છે તો કોઈ કહે છે પકોડા આપો ને ગ્લાસ ધોવાના પડ્યા હોય. એને પૂછવામાં આવે છે કે દુકાન ચલાવવામાં શરમ આવે છે ? તો એ કહે છે પોતાની દુકાન ચલાવવામાં શેની શરમ. કામ કરીશું તો જ કૈક ખાવાનું મળશે ને!

( **નોંધ :** સમુહને ખૂદને ચર્ચા શરૂ કરવા દો. કદાચ આ વિડીયો પાછી વાતચીત એની મેળે સરળતાથી શરૂ થઇ જશે. કોઈ "બહુ સરસ " કે એની જેવું અડધુંપડધુ વાક્ય પણ કહી શકે છે. આવા પ્રતિભાવાત્મક વાક્યને આધાર બનાવીને ચર્ચા આગળ વધારો. જેમકે, સારું લાગ્યું એમ કોઈ કહે તો શું સારું લાગ્યું, કેમ લાગ્યું એવા પ્રેરક સવાલ પૂછી શકાય.)

**પુરક સવાલ :**

- **શું તમે કયારેય એવી દુકાન પર ગયા છો જેને મહિલા ચલાવતી હોય ?**
- **તમારી પ્રથમ પ્રતિક્રિયા શું હતી ?**
- **એક પુરુષ દ્વારા સંચાલિત અને એક સ્ત્રી દ્વારા સંચાલિત દુકાનમાં તમને શું ફરક લાગે છે ?**

( **નોંધ :** કદાચ રોજગાર અને લિંગ તફાવતની આસપાસ ઘણી વાતો થશે. જો તમને લાગે કે ફરીથી એની એ જ વાતો થઇ રહી છે અને કોઈ નવો પરિમાણ નથી આવી રહ્યો તો આ અભ્યાસ કરો. )

**અભ્યાસ સામગ્રી :** બ્લેક બોર્ડ, ચોક અને ડસ્ટર

**અભ્યાસ :** બોર્ડ પર ચાર ખાના બનાવો. ૧. સ્ત્રી કયો કામધંધો કરી શકે છે ? ૨. પુરુષ યો કામધંધો કરી શકે છે ? ૩. એવા ક્યા કામધંધા છે જે સ્ત્રી કરી શકે છે પરંતુ તેને મનાઈ કરવામાં આવી છે. ૪. એવા ક્યા કામધંધા છે જે પુરુષ કરી શકે છે પરંતુ તેને મનાઈ કરવામાં આવી છે. તમામ વ્યવસાયો અને કામોને નિયત શ્રેણી મુજબ યાદીબદ્ધ કરો. કોશિશ કરો કે એકપણ વ્યવસાય રહી ન જાય. ત્યારબાદ સમુહને પોતપોતાના દર્ષ્ટિકોણ માટે કારણ આપવાનું કહો.

(**નોંધ :** ચર્ચા દરમિયાન કેવા વલણો સામે આવે છે એ જુવો. વિરોધાભાસોને પકડવાની કોશિશ કરો. ઉદાહરણ તરીકે કોઈ એક ખાસ વ્યવસાય સ્ત્રી કે પુરુષ કેમ નથી કરી શકતા. યાદીમાં જુવો કે એવા કેટલા વ્યવસાય જે કરવાની ( સ્ત્રી અને પુરુષ બેઉને ) મનાઈ છે પણ તેમને માન્યતાને તોડી છે. એવા ક્યા વ્યવસાય છે જેમાં હજી બંધન તૂટ્યા નથી. ચર્ચાને આગળ વધારવા માટે કેટલાક પુરક સવાલો પૂછી શકાય.)

**પુરક સવાલો :**

- **શું તમે કોઈ વ્યવસાયિક મહિલાને જાણો છો?**
- **શું તમે કોઈ એવા પરિવારને જાણો છો જેમાં મહિલા કમાય છે અને પુરુષ ઘરનું કામ કરે છે?**
- **શું તમે એવા પરીવારને જાણો છો જેમાં પરિવારનું ભરણપોષણ મહિલા કરે છે?**
- **શું તમને એવું લાગે છે કે મહિલાઓએ આપણી અનેક માન્યતાઓને ખોટી પડી છે ?**
- **તમારી કોઈ માન્યતા ખોટી સાબિત થઇ હોય તો જણાવો ( સ્ત્રી અને પુરુષ બેઉ વિષે ).**

( **નોંધ :** એ ધ્યાનમાં રાખવું જરૂરી છે કે મહિલાઓને ખૂબ જ પ્રતિકુળ પરિસ્થિતિમાં ખુદને સાબિત કરવું પડતું હોય છે. તેમનાં માટે તક, વાતાવરણ અને સંસાધન ત્રણેની ખોટ હોય છે. આનાથી વિપરીત ઘણા વિશેષઅધિકાર પુરુષોને વારસામાં મળેલા છે. એ મહિલાની જીજીવિષાને જરૂર ચિન્હિત કરો. ચર્ચાને આગળ વધારો અને સમુહને સવાલ પૂછો.)

**સવાલ :**

- **જેમણે બનેલી માન્યતાઓને તોડી હોય એવી કોઈ મહિલાઓને તમે જાણો છો ? મતલબ એવું કોઈ કામ કર્યું હોય જે ફક્ત અત્યાર સુધી ફક્ત પુરુષ જ કરતા હતાં.**
- **જેમણે લિંગ ભેદથી મુક્તિ મેળવીને અને તથાકથિત મર્દાનગીને છોડીને પ્રચલિત માન્યતાઓને તોડતો રોજગાર-વ્યવસાય કર્યો હોય એવા કોઈ પુરુષને તમે જાણો છો ? મતલબ જે પુરુષ માટે હીન માનવામાં આવતું હોય એ કરવાની કોશિશ કરી હોય એવા કોઈને જાણો છો ?**

(**નોંધ :** સમૂહ જો એવા વ્યક્તિઓને જાણતો હોય તો એમના અનુભવો વહેંચવાનું કહો. જો સમુહમાં કોઈ એવી વ્યક્તિ છે જેણે લૈંગિક માન્યતાઓને તોડી છે તો તેમના અનુભવ પણ સાંભળો. જો સમુહમાં એવી કોઈ વ્યક્તિ હોય જે દિલથી માન્યતાઓને તોડીને કૈક કરવા માંગે છે પણ દબાણને લીધે કરી શકતા નથી સમુહમાં તેને માટે

યોજના ઘડો. જે માન્યતાઓને તોડતું હોય એવું ઉદાહરણ રજુ કરવા કરવા માટે સમુહને પ્રેરિત કરો. જો સમૂહની બહાર પણ આવી કોઈ વ્યક્તિ હોય તો તેની નોંધ લો અને તેનું સમર્થન કેવી રોતે કરી શકાય તેની યોજના ઘડો.)

# વિષય : **સ્ત્રીનાં કામ, પુરુષોનાં કામ**

## પેટા વિષય: **માન્યતાઓ તોડો, દ્રષ્ટિકોણ બદલો**

---

વિડીયો : **સસ્મિતા એક પ્રેરક વ્યક્તિત્વ |** સીસી : **દશરથી બેહરા |** UID: **OD_1182**

---

(**નોંધ :** વિડીયો ઉડિયા ભાષામાં છે. ઓરિસા માટે ઉપયોગમાં લઇ શકાય. ચર્ચાનું સંચાલન આ અભ્યાસથી કરો.)

**અભ્યાસ સામગ્રી :** એક કાગળ અને પેન.

**અભ્યાસ :** સમુહને કહો કે એમનો જે કંઈપણ વ્યવસાય કે ઓળખાણ છે તે બતાવે. જેમકે, દુકાનદાર, આશાવર્કર, વિદ્યાર્થી, ખેતમજૂર, પત્ની, ગૃહિણી, દીકરી, ડ્રાઈવર, વિજ્ઞાની, શિક્ષક વગેરે. આ અભ્યાસમાં વધુ સમય ન લો. સમુહને ઉતાવળ કરવાનું કહો અને તરત જ યાદી બનાવતા જાવ. સમૂહ એક પણ વ્યવસાય કે ઓળખાણ છોડી ન દે તે માટે તેમને પ્રેરિત કરો. ત્યારબાદ સમુહમાં આ યાદીને વાંચો.

(**નોંધ :** કદાચ યાદીમાં સામાજિક કાર્યકર શબ્દ નહિ આવ્યો હોય કેમકે સમાજમાં સામાજિક કાર્યને લઈને પોકળ પ્રોત્સાહન તો જોવા મળે છે પણ તે હજી આપણી પ્રેરણાનો હિસ્સો નથી બન્યા કે હા આ લોકો પણ છે જગતમાં! જો સામાજિક કાર્યકર્તા શબ્દ યાદીમાં આવ્યો હોય તો એ વાત પર ધ્યાન આપો કે તે ક્યારે યાદીમાં આવ્યો. કોઈએ એ મોડામોડા કે છેલ્લે કહ્યું હોય એમ બની શકે છે. સામાજિક કાર્યકર્તા વિષે સમાજમાં શું માન્યતાઓ છે તેની આસપાસ ચર્ચાને સંચાલિત કરો. હવે જયારે લાગે કે ચર્ચા આગળ નથી વધી રહી અને એની એજ વાતો ફરી થઇ રહી છે ત્યારે સમુહને કહો આવો એક વિડીયો જોઈએ.)

**વિડિયોનું વિવરણ :** વિડીયો શરૂ થાય છે. ગામનું દ્રશ્ય સ્ક્રીન પર દેખાય છે અને તેની સાથે જ એક પાઠ સંભળાય છે કે " આપણા સમાજમાં મહિલાઓ લૈંગિક ભેદભાવનો શિકાર બને છે. આઝાદીના ૬૯ વર્ષે પણ મહિલાઓને બીજા દરજ્જાની નાગરિક માનવામાં આવે છે અને ઓછી આંકવામાં આવે છે. તેનું અવમુલ્યન જન્મ સાથે જ શરૂ થઇ જાય છે. ની ખુશીઓ છીનવી લેવામાં આવે છે પરંતુ સંબલપુર જીલ્લાથી ૩૫ કિલોમીટર દૂર, જંગલ અને ડુંગરોથી ઘેરાયેલા એક નાનકડા ચામુંડા ગામની સસ્મિતા સાહૂએ આ હકીકતોને સાવ ફેરવી નાખી છે. તેઓ પરિવારની સંકુચિત ચાર દીવાલોમાંથી બહાર નીકળ્યા. ગામનાં બાળકો અને કિશોરોને જીવનમાં યોગ્ય રાહ ચીંધવા માટે તેમને શિક્ષિત કરવાના સપનાને સાચું પાડવા મચી પડ્યા." સસ્મિતા કહે છે કે હું મુખ્યત્વે બાળકો અને કિશોરો સાથે કામ કરું છું. અત્યારે મારા સમુહમાં ૩૫ બાળકો અને કિશોર છે. હું ગામ વિવિધ સામાજિક મુદ્દાઓ પર પ્રવૃતિઓનું પણ આયોજન કરું છું. નૃત્ય, અભિનય, ગાયન વગેરે સંસ્કૃતિક કાર્યક્રમ પણ અમે કરીએ છીએ. અમે અમારા ગામ સફાઈનું કામ પણ કર્યું અને ગલી તેમજ સડક વગેરેને સમતળ કરવાનું પણ કામ કર્યું.

ગામની એક છોકરી કહે છે સસ્મિતા  વિવિધ મુદ્દાઓ બેઠક અને અભિયાન ચલાવે છે અને ગામનાં યુવાનો તેને સહયોગ કરે છે. અમે બધા સાથે મળીને કામ કરીએ છીએ. સસ્મિતાનાં મા કહે છે કે પહેલા સસ્મિતા આટલી જાગૃત નહોતી પણ હવે તે ખૂબ બધું શીખી રહી છે અને સરસ કામ કરી રહી છે. તે વરિષ્ઠ લોકો સાથે પણ આત્મ વિશ્વાસથી વાત કરી શકે છે. લોકોને સલાહ આપે અને લોકો તેના વખાણ કરે છે. દરેક વાલીઓને (છોકરીઓને) તેમને પ્રોત્સાહન આપવું જોઈએ, તે પરિવારનું નામ આગળ લઇ જશે. બધા લોકોએ એક મંચ પર આવે અને કામને આગળ વધારે એ સસ્મિતાનું સપનું છે. તેઓ ગામની બાકીની છોકરીઓની માનસિકતામાં સકારાત્મક સફળ નીવડ્યા છે.

( **નોંધ :** વિડીયો બાદ સરળતાથી ચર્ચા શરૂ થઇ જશે. સમુહને ચર્ચાની શરૂઆત કરવા દો. કદાચ ચર્ચા સસ્મિતા અને તેમના સામાજિક કાર્યની આસપાસ રહેશે. છોકરીની હિંમતને શાબાશી આપશે અથવા તેના વખાણ કરશે. સમૂહમાંથી જે મુદ્દા નીકળી રહ્યાં હોય તેની આસપાસ ચર્ચા આગળ ચલાવો. ચર્ચા જો આગળ ન વધી રહી હોય તો તેને આગળ વધારવા માટે કેટલાક સવાલ પૂછો.)

**સવાલ : શું આપણો સમાજ છોકરીઓનું નેતૃત્વ સ્વીકારે છે ?**

**સવાલ : જેમણે સામાજિક બંધનોને તોડ્યા હોય એવી સસ્મિતા જેવી મહિલાઓને તમે જાણો છો ?**

( **નોંધ :** પિતૃસત્તાત્મક સમાજમાં "મહાપુરુષ" જ ભાવબોધમાં હોય છે અને સ્ત્રીઓને પાલનકર્તા તરીકે જ જોવામાં આવે છે. ઉંમરના લીધે પણ કેટલાક વિરોધાભાસ થાય છે કેમકે આપણે ત્યાં છોકરીઓને એક વ્યક્તિ તરીકે જોવાને બદલે "ગુડિયા-ઢીંગલી" કે "બિચારી" તરીકે જોવાની ટેવ પડેલી છે અને પુરુષ સંરક્ષક કે ઉદ્ધારકની ભૂમિકામાં રહેતા હોય છે. આ માન્યતાઓની આસપાસ ચર્ચાનું સંચાલન કરો. કેટલાક આ પ્રકારના પુરક સવાલો પણ પૂછી શકાય છે. )

**પુરક સવાલ : મહાપુરુષનો વિરુદ્ધાર્થી શબ્દ બતાવો ? (કયો છે ?)**

(**નોંધ :** કેમકે આપણા ખ્યાલમાં જ એ નથી કે મહિલાઓ પણ મહાન હોઈ શકે છે. શું પુરુષ જ મહાન થઇ શકે છે ? શું એવી કોઈ મહિલાઓ હતી જ નથી કે જેને જોઈને લાગે કે આ મહાન છે ? શું પુરુષ જ બહુ મોટી સંખ્યામાં મહાન હતાં ? આ રીતે રુચિપૂર્ણ રીતે ચર્ચાને આગળ વધારી શકાય. એક છોકરીને એક વ્યક્તિ તરીકે સ્થાપિત થવામાં શું વિધ્નો છે તેની આસપાસ પણ ખણખોદ કરો.)

**પુરક સવાલ :**

- **શું આપણે નિર્ણય લેતી વખતે સ્ત્રી સાથે અને ખાસ તો યુવા છોકરીઓ સાથે સલાહ-માર્ગદર્શન કરીએ છીએ ?**
- **શું ખરેખર છોકરીઓ બહારની દુનિયા વિષે ઓછું જાણતી હોય છે ?**

- **જો કોઈ છોકરી રાષ્ટ્રીય કે વિવિધ સામાજિક મુદ્દાઓ પર પોતાના વિચાર રજુ કરે તો આપણી પ્રતિક્રિયા શું હોય છે ?**

( **નોંધ :** છોકરીઓની બૌદ્ધિક ક્ષમતા વિષે બહુ બહિ ખોટી માન્યતાઓ સમાજમાં છે. સ્ત્રીઓ વિષે એમ પણ કહેવામાં આવે છે કે " તને શું ખબર પડે દુનિયાદારીની !". પુરુષો માટે વ્યવસાય સિવાય પણ સામાજિક જીવન સહજ રીતે ઉપલબ્ધ છે પરંતુ છોકરીઓનું  સામાજિક જીવન પ્રતિબંધિત છે. (વ્યવસાયિક જીવનમાં સામાજિક મોકળાશ ન મળે તે માટે અનેક પ્રતિબંધો લાદવામાં આવે છે. દાખલા તરીકે નોકરીનાં સ્થળે દેખરેખ, ઓફીસપ્રવાસમાં પ્રતિબંધ વગેરે. ) આ વિરોધાભાસોની આસપાસ ચર્ચાનું સંચાલન કરો. જયારે તમને લાગે કે ચર્ચા આગળ નથી વધી રહી તો આખો વિડીયો ફરી દર્શાવો અને આ અભ્યાસ કરો.)

**અભ્યાસ સામગ્રી :** એક બ્લેક બોર્ડ, ચોક અને ડસ્ટર

**અભ્યાસ :** બોર્ડ પર ત્રણ ખાના બનાવો. ૧. વ્યક્તિગત ૨. પારિવારિક ૩. સામાજિક. સમુહને કહો કે છોકરીઓને આગળ વધવામાં અને સામાજિક કાર્ય કરવામાં ક્યા ક્યા વિઘ્નો નડે છે તેને અલગ અલગ ખાના મુજબ સૂચિબદ્ધ કરો. ત્યારબાદ પૂછો કે આ વિઘ્નો કેવી રીતે દૂર થઇ શકે છે ? દૂર થઇ શકે એમ ન હોય એવું કોઈ વિઘ્ન છે? આમાંથી કેટલા વિઘ્નોના આપણે શિકાર છીએ ? આ વિઘ્નો દૂર કરવા માટે શું કરી શકાય એમ છે?

# વિષય : **ઘરમાં પિતૃસત્તા**

## પેટા વિષય : **પુરુષોનું પ્રભુત્વ, સ્ત્રીઓનું શોષણ**

---

વિડીયો : **નામ ન લો...કેમકે પતિ ભગવાન છે.** | સીસી : **માધુરી ચૌહાણ** | UID: **UP_1548**

---

**વિડિયોનું વિવરણ :** વિડીયો શરૂ થાય છે ત્યારે એક મહિલા કહે છે હિન્દુસ્તાની સ્ત્રી તેના પતિનું નામ નથી લેતી. ત્યારબાદ એક પછી એક ૪ મહિલાઓ કહે છે કે અમે અમારા પતિને નામથી નથી બોલાવતા. કારણ પૂછ્યે એ કહે છે કે પતિ ભગવાનનું રૂપ હોય છે, એ દેવતા સમાન છે, નામ લેવાનો રીવાજ નથી. તેઓ કહે છે કે પતિ પત્નીને નામ દઈને બોલાવી શકે છે કેમકે પતિ ભગવાન છે અને સ્ત્રી પતિ કરતા નાની છે. પતિને નામ લેવાનો અધિકાર છે. તે આદમી છે ને ! માબાપ છે એટલે તે નામ લઇ શકે છે.

( **નોંધ :** નાનો વિડીયો છે એટલે જો તમને લાગે કે ફરી જોવો જોઈએ તો આખો વિડીયો ફરી જુઓ અને ત્યારબાદ તરત જ આ ટૂંક અભ્યાસ કરો. )

**અભ્યાસ : સમુહને પૂછો કે શું આપણે પણ આવું કરીએ છીએ ? પુરુષોને પૂછો કે શું તેમની પત્નીઓ તેમને નામ દઈને બોલાવે છે ? જો સમુહમાં અપરિણીત વ્યક્તિ હોય તો તેમને માતાપિતા, સગાસંબંધી કે પડોસીઓ વિષે પૂછી શકાય જો સમૂહ પોતાના વિષે વાત કરવામાં મૂંઝવણ અનુભવે તો અડોશપડોશનાં લોકો વિષે પૂછી શકાય. ત્યારબાદ પૂછો કે શું તને આને યોગ્ય માનો છો? કદાચ આનો જવાબ હા અને ના મળશે. જો અલગ અલગ વિચાર આવે તો ચર્ચા થવા દો અને ત્યારબાદ આ સવાલો પૂછો :**

**સવાલ : જો તમે આને ખોટું માનો છો તો આવું કેમ કરો છો ?**

( **નોંધ :** એ કઈ બાબત છે જે તેમને આવું કરવા માટે મજબુર કરે છે અને તેઓ તેને વિષે શું વિચારે છે તે વિરોધાભાસને સમજવાની કોશિશ કરો. પતિનું નામ નહિ લેવાની પાછળનું કારણ સ્તરનાં તફાવતને જાળવી રાખવાનું છે. મતલબ કે રોજીંદા જીવનમાં કોણ મોટું છે અને કોણ નાનું છે એ ખ્યાલ સતત જળવાઈ રહે તે છે. આને વધુ ઊંડાણથી સમજવા માટે કેટલાક આવા પુરક સવાલો પૂછી શકાય.)

**પુરક સવાલ : તમારી પત્ની તમારું નામ નથી લેતી એ વાત તમને કદી અજબ કે અસ્વાભાવિક નથી લાગી?**

- **શું પતિ ખરેખર ભગવાન છે ? તો પત્ની શું છે ?**
- **ધારો કે કોઈ મહિલા સામાજિક રીતે પોતાના પતિને નામ દઈને બોલાવે તો શું થશે ? કયો પહાડ તૂટી પડશે ?**

- **શું તમે કદી તમારા પતિનું નામ લીધું છે ?**
- **શું તમે કોઈ એવા દંપતિને જાણો છો જેઓ એકબીજાને નામથી જ બોલાવતા હોય ?**
- **એવી તો કઈ મર્યાદા કે પરંપરા છે જે પતિનું નામ લેવાથી ધ્વસ્ત થઇ જવાની છે ?**
- **શું તમે અગાઉ કદી આના વિષે વિચાર્યું હતું અથવા તમને લાગ્યું જ નહિ કે કૈક ખોટું થઇ રહ્યું છે?**

(**નોંધ :** સામાન્ય રીતે પિતૃસત્તા રોજબરોજનાં જીવનનો હિસ્સો રહે છે. તે એકદમ સ્વાભાવિક અને કુદરતી લાગવા માંડે છે. આપણને લાગતું જ નથી કે કૈક ખોટું થઇ રહ્યું છે. ઘણી બધી સાવ નાની અને સ્વાભાવિક ભાસતી બાબતો વાસ્તવમાં નાની નથી હોતી એ સમજવામાં સમૂહની મદદ કરો. જો એવું લાગે છે ચર્ચા આગળ નથી વધી રહી તો આ અભ્યાસ કરો.)

**અભ્યાસ સામગ્રી : બ્લેક બોર્ડ, ચોક અને ડસ્ટર.**

**અભ્યાસ :** બ્લેક બોર્ડ પર બે ભાગ બનાવો. એક પર લખો ભારતીય સ્ત્રી અને એક પર લખો ભારતીય પુરુષ. સમુહને પૂછો કે આમણે રોજબરોજનાં જીવનમાં શું કરવું જોઈએ અને ના કરવું જોઈએ ? તમે વિગતોને બ્લેક બોર્ડ પર લખતા જાવ. ત્યારબાદ નીકળી આવેલા વ્યવહારો અને પરસ્પર વિરોધાભાસી વલણો પર ચર્ચા કરાવો. સમૂહનાં તમામ સભ્યોને તર્ક અને ટીપ્પણી રજુ કરવાનું કહો.

( **નોંધ :** ધ્યાન આપો કે વિડીયોની શરૂઆતમાં મહિલાએ કહ્યું હતું કે "હિન્દુસ્તાની સ્ત્રી" પોતાના પતિનું નામ નથી લઇ શકતી. " હિન્દુસ્તાની સ્ત્રી" સમાજ દ્વારા સ્ત્રીઓ માટે ઘડવામાં આવેલું એક બીબું છે. આ રીતે પુરુષ માટે પણ બીબું છે. આપણે અભ્યાસ એ વ્યવહારો પર કેન્દ્રિત કરવાનો છે જ્યાં સ્ત્રી અને પુરુષ બેઉ એકમેવથી સંબોધિત થાય છે. ઉદાહરણ તરીકે. પુરુષ બાળકને પ્રેમ નહિ કરે. ક્યાંક જતો હશે સાથે તો આગળ આગળ ચાલશે. પરિવાર સામે બેઉ એક ખાટલે નહિ બેસે. આ અભ્યાસમાં એ શોધવો કે બીબામાં ઢળેલા સ્ત્રી પુરુષ કેવો વ્યવહાર કરે છે. આ વ્યવહારો પર ચર્ચા કરાવો. પછી એ પૂછો કે આમાંથી કેટલા વ્યવહાર એવા છે જે ખોટા છે અને આપણે એ કરીએ છીએ. એને છોડવા માટે સમુહને પ્રેરિત કરો. ચર્ચાનાં સમાપન માટે એક પુરક અભ્યાસ કરો.)

**પુરક અભ્યાસ : સમૂહનાં સભ્યોને કહો કે તેઓ પોતાના પત્ની/પતિનાં નામનો ઉચ્ચાર કરે. આખો સમૂહ એકસાથે બોલે. કોઈએ કોઈનું સાંભળવાનું નથી બસ પોતાનું બોલવાનું છે. બધાની આંખો પણ બંધ કરાવી શકાય છે. પતિ/પત્નીનું નામ પ્રેમ, શરમ, ગુસ્સો, મજાક-મસ્તી વગેરે ભાવ સાથે બોલવાનું કહો. હવે કહો કે બેઉનાં નામનું ઉચ્ચારણ કરો. આને એક રમતની જેમ રમો. ત્યારબાદ આ વાક્ય બોલવાનું કહો. મારું નામ -........ છે અને મારા જીવનસાથીનું નામ.....છે. હું...... અને .......જીવનસાથી છીએ.**

(**નોંધ :** ત્યારબાદ સમુહને કહો કે તે પોતાનું અને પોતાના જીવનસાથીનું નામ બ્લેક બોર્ડ પર બોલી બોલીને લખે. સમૂહનાં અપરિણીત સભ્યો સાથે આ અભ્યાસ તેમના માતા પિતા, ભાઈ-ભાભીનાં નામ સાથે થઇ શકે.)

# વિષય : **કૌટુંબિક હિંસા**

## પેટા વિષય : **પુરુષનું પ્રભુત્વ, સ્ત્રીનું દમન**

વિડીયો : **પતિ-પત્નીનાં સંબંધમાં તાકાત અને હિંસા** | સીસી : **શબનમ બેગમ** | UID: **UP_1340**

**વિડિયોનું વિવરણ :** વિડીયોમાં તમે જોશો કે સ્ત્રી ઘરનાં કામ ઉપરાંત પતિના જૂતા સાફ કરવા, પગ દબાવવા વગેરે કામ પણ કરી રહી છે. પતિ વારંવાર માથા પર મારી રહ્યો છે. એક ગર્ભવતી મહિલાને ધમકાવી રહ્યો છે. પતિ ફરી પત્નીનાં માથે ધીમું મારે છે. જયારે મહિલા હિંસા વિષે પૂછવામાં આવે છે તો એ કહે છે મતલબ ? મહિલા એ પણ માને છે કે એ પતિ છે એટલે એને ધમકાવવાનો અધિકાર છે. પુરુષ કહે છે કે પુરુષ શ્રેષ્ઠ છે. સ્ત્રીએ પણ આ જ રીતે રહેવું પડશે. મહિલા કહે છે ભૂલ પુરુષથી પણ થાય છે પણ અમે કહી ન શકીએ કેમકે એ પુરુષ છે. મહિલા કહે છે મારા ભાઈને તો ઘરેથી ગમે ત્યાં આવવા-જવાની છૂટ મળેલી હતી પણ અમને ઘરની બહાર જવાની આઝાદી નહોતી કેમકે અમે ઘરની ઈજ્જત છીએ. પુરુષ કહે છે સ્ત્રીઓ ગમાર છે, ભણી-ગણી નથી એટલે એ ઘરનાં કામ કરે છે અને પુરુષ બહારનું કામ કરે છે. અંતમાં, સ્ત્રી કહે છે અમે પણ બાહર જવા માંગીએ છીએ, અમારું પણ મન થાય છે અને જો અત્યારે પણ મોકો મળશે તો સહુથી પહેલા ભણવાનું કામ કરીશું.

( **નોંધ :** મુસલમાનોમાં આવું થાય છે એના જેવી વાતો ચર્ચામાં આવી શકે છે કેમકે વિડીયો મુસ્લિમ પરિવાર પર બનાવવામાં આવ્યો છે. યાદ રાખો કે ચર્ચા જેન્ડરનાં મુદ્દે કરવાની છે કેમકે આ મુદ્દો ફક્ત ઇસ્લામ ધર્મ સુધી સીમિત નથી. મહિલાઓ પર થતી હિંસા બહુ મોટાપાયે સ્વીકૃત છે.)

**ચર્ચા કેવી રીતે શરૂ કરવી : વિડિયો દર્શાવ્યા બાદ તમે કંઈ ન બોલો. તમે ચર્ચા શરૂ ન કરો. જો સમૂહમાંથી કોઈ વાત કરવાની પહેલ કરે તો એ સારી વાત છે. જો શરૂ ન કરે તો વિડીયોને ફરી ચાલુ કરો અને ૦:૨૬ પર જ્યાં પતિ એની પત્નીના માથે મારી રહ્યો છે ત્યાં રોકી દો અને આ અભ્યાસ કરો :-**

**અભ્યાસ :** સમુહને પૂછો કે આ શું હતું ? શું આ પ્રેમ હતો ? જેમને લાગતું હોય કે આ પ્રેમ હતો એમને હાથ ઉંચો કરવાનું કહો. પછી જેમને લાગતું હોય કે આ હિંસા હતી એમને હાથ ઉંચો કરવાનું કહો. પછી જેમને લાગતું હોય કે આ કોઈ મોટી વાત નથી એમને હાથ ઉંચો કરવાનું કહો. આજ રીતે જેમને લાગતું હોય કે આ પતિ પત્ની વચ્ચેનો અંગત મામલો હતો એમને હાથ ઉંચો કરવાનું કહો. હવે બધાને પોતપોતાના દર્ષ્ટિકોણ માટે દલીલ કરવાનું જણાવો.

(**નોંધ :** શારીરિક હિંસા, માનસિક હિંસા, યૌન હિંસા, આર્થિક હિંસા, વાચિક યાને કે મેણા મારવા જેવી હિંસા વગેરે તમામ પ્રકારને ચર્ચા દરમિયાન આવરી લો થોડીવાર ચર્ચા થવા દો અને જયારે તમને લાગે કે હવે અટકાવેલો

છે ત્યાંથી ફરી શરૂ કરો અને તેને ૧:૩૦ પર જ્યાં "પતિને કંઈ કહેવાનો મને થોડો હક છે!" ત્યાં રોકી દો. હવે આ અભ્યાસ કરો.)

**અભ્યાસ સામગ્રી :** એક બ્લેક બોર્ડ, ચોક અને ડસ્ટર

**અભ્યાસ :** બ્લેક બોર્ડ પર બે ભાગ બનાવો. એક ભાગમાં લખો "પુરુષનાં સ્ત્રી પર અધિકાર" અને બીજા ભાગ પર લખો "સ્ત્રીનાં પુરુષ પર અધિકાર". કઈ કઈ બાબતમાં પતિ-પત્નીનાં એકબીજા પર અધિકાર છે તે સમુહને લખવાનું કહો અને પછી તેના પર ચર્ચા કરાવો.

(**નોંધ :** પુરુષનાં દ્રષ્ટિકોણથી જ વાત કરો. ખુલીને બોલવા દો. એ વાતનું ધ્યાન રાખો કે કૌટુંબિક હિંસા માટે તેઓ સ્ત્રીને જ આરોપી ન માની બેસે. બેઉમાંથી કોણ વધુ આઝાદ છે કે કોણ નિર્ણય કરે છે? તે રીતે પણ તેને જોઈ શકાય. જયારે તમને લાગે કે હવે ચર્ચા આગળ નથી વધી રહી ત્યારે વિડીયોને ત્યાંથી આગળ ચલાવો અને ૨:૨૧ પર જ્યાં મહિલા કહે છે કે, લગ્ન પછી હું સાસરીની ઈજ્જત બની ગઈ હવે એ પણ ક્યાંય આવવા-જવા નાથી દેતા. સવાલ પૂછો.)

**સવાલ : પુરુષોની ઈજ્જત શું છે અને સ્ત્રીઓની ઈજ્જત શું છે ?**

( આ સવાલ થકી ઈજ્જત વિશેની જે માન્યતાઓ છે તેને વચ્ચે લાવવાની કોશિશ કરો. કેટલાક આ મુજબનાં પુરક સવાલો પૂછી શકાય છે. )

- **ખરેખર ઈજ્જતનો અર્થ શું થાય છે અને નકલી ઈજ્જત શું છે?**
- **ઈજ્જત બચાવવાનો બધો ભાર છોકરીઓ પર જ કેમ ?**
- **આ ઈજ્જત છે કે છોકરીઓ પરની આચારસંહિતા ?**

ચર્ચાનું સંચાલન સમજદારીથી કરો અને જયારે લાગે કે હવે એક્ની એક કહેવાઈ રહી છે અને કોઈ નવું પરિમાણ સામે નથી આવી રહ્યું ત્યારે વિડીયોને જ્યાં રોક્યો હતો ત્યાંથી જ આગળ વધારો અને ૪:૩ ૨ પર જ્યાં સ્ક્રિન પર " પિતૃસત્તા તોડો (DISMANTLE PATRIARCHY.)" લખાયેલું આવે ત્યાં અટકાવો દો. સમુહને સવાલ પૂછો :-

**સવાલ : તમારા માટે પતિ-પત્નીનો આદર્શ સંબંધ શું છે અને તે કેવો હોવો જોઈએ ? આમને તમે શું સલાહ આપવા માગો છો ? સ્ત્રીને અને પુરુષને બેઉને સલાહ આપવા માગો છો ?**

( **નોંધ :** કોશિશ કરો કે ચર્ચા પછી લોકોને એક સારો, સંવેદનશીલ, જવાબદારીપૂર્ણ અને લોક્શાહિક સંબંધ વિકસવાની ઈચ્છા થાય. સાથે એ પણ બતાવો કે કૌટુંબિક હિંસા એ કાનૂની અપરાધ છે. આ ફક્ત પતિ-પત્ની વચ્ચેનો અંગત મામલો નથી પણ ગંભીર સામાજિક અપરાધ છે. જો થઇ શકે તો એક પાનામાં કાયદાની એક પાનાની નકલ સહુને આપો. )

અંતમાં વિડીયોને ફરીવાર જુવો અને સહુનો આભાર માનો.

# વિષય : **માસિક**

## પેટા વિષય : **પ્રથમ માસિક**

---

વિડીયો : **પ્રથમ માસિક: કલંક અને ચૂપકિદી** | સીસી : **ઉષા પટેલ** | UID: **UP_1396**

---

**વિડિયોનું વિવરણ :** વિડીયો શરૂ થાય છે અને એક યુવાન છોકરી કહે છે કે જયારે પહેલીવાર માસિક આવ્યું ત્યારે તે ખૂબ જ ગભરાઈ ગઈ હતી. ત્યારબાદ બે પરિણીત સ્ત્રીઓ એમના પ્રથમ માસિકનો અનુભવ જણાવતા કહે છે કે, બહુ જ ખરાબ લાગતું હતું કે આ શું થઇ રહ્યું છે! દરેક સ્થળે ચોર જેમ બીજાથી બચીને રહેવું પડતું હતું. એ સમયે મારા દિમાગમાં બહુ બધી મૂંઝવણ હતી કે આ શું થઇ રહ્યું છે અને કેમ થઇ રહ્યું છે. હું ખૂબ જ પરેશાન હતી. એક મોટી વયની મહિલા પોતાનો પ્રથમ અનુભવ જણાવતા કહે છે કે, બહુ જ દુખતું હતું. કમર દુખતી હતી, પેઢુમાં દુખતું હતું, મન ધકધક થતું હતું કે આ મારી સાથે શું થઇ ગયું! એક યુવાન છોકરી કહે છે કે જયારે તે ૮માં ધોરણમાં હતી ત્યારે તેની બહેનપણીએ આ વિષે કહ્યું હતું. કહેવામાં આવતું હતું કે હવે તું મોટી થઇ ગઈ છે. આ ન કરીશ, પેલું નાં કરીશ. તેને સાચા-ખોટાની ઓળખ આપવામાં આવે છે. મને કહેવામાં આવ્યું કે હવે તું મોટી થઇ ગઈ છે કોઈ એવું કામ ન કરી બેસતી જેનાથી પરિવાર....મહિલા કહે છે પૂજામાં નહોતી બેસવા દેવામાં આવતી. છોકરી કહે છે મને એવું કહેવામાં આવ્યું કે મંદિરમાં નહિ જવાનું અને રસોડામાં નહિ આવવાનું. વૃદ્ધ મહિલા કહે છે કે કોઈપણ શુભ કામમાં ભાગ ન લઇ શકાય કેમકે શરીર અશુદ્ધ થઇ જાય છે.

(**નોંધ :** સમૂહનાં સભ્યો આ વિષય પર વાત કરતા ખચકાટ અનુભવે એવું શક્ય છે. જો સમુહમાં પુરુષ હોય તો સ્થિતિ અસહજ પણ બની શકે છે. એટલે ખૂબ જ જવાબદારી અને નજાકતથી વાત શરૂ કરો. વાતાવરણને સહજ કરવાની વધારાની કોશિશ ન કરો. વિડીયોને શરૂઆતથી ફરી ચલાવો અને ૦:૪૭ જ્યાં મહિલા કહે છે કે મન ધકધક કરતુ હતું અને ઘણીવાર ખરાબ ઘટના જેવું લાગતું હતું. સવાલ પૂછો.)

**સવાલ : વિડીયોનાં બધા જ પાત્રો અમે ગભરાઈ ગયા હતા, આ શું થઇ રહ્યું છે અમારી સાથે, એક આઘાતમાંથી પસાર થઇ રહ્યાં છીએ એમ કેમ કહી રહ્યાં છે ?**

( **નોંધ :** એ ધ્યાન આપવા યોગ્ય છે કે આપણા સમાજમાં માસિક વિષે વાત કરવામાં અનેક સામાજિક બંધન છે. બધું જ ખુફિયા(ગુપ્ત) રીતે બને છે. સમાજ આનાથી રૂબરૂ થવાથી કે એના પર વાત કરવાથી બચીને રહે છે. કેમ બચીને રહે છે ? આ સવાલની ખણખોદ કરો. આ વિષે કોઈએ અગાઉ કદી કઈ કહ્યું જ નહોતું એ મુજબની વાતો થાય તો પુરક સવાલ પૂછો)

**પુરક સવાલ : પહેલા કેમ નહોતું કહેવામાં આવ્યું ?**

( **નોંધ :** સમુહમાં ઉપસ્થિત જે મહિલાઓની જવાન કે કિશોર દીકરીઓ છે એમને પૂછો તમે કેવી રીતે બતાવ્યું કે કેવી રીતે બતાવશો ? શું તમે તમારા પતિ સાથે દીકરીની આ વિષયની વાત વહેંચો છો ? પતિની પ્રતિક્રિયા શું હોય છે ? જો સમુહમાં પુરુષ હોય તો એમને સીધા આ સવાલ પૂછી શકાય. ચર્ચા ચાલવા દો. સામાજિક વિરોધાભાસનાં જેટલા પરિમાણ વચ્ચે આવે તે સારું છે. જયારે તમને લાગે કે એકની એક જ વાત થઇ રહી છે અને ચર્ચા આગળ નથી વધી રહી ત્યારે વિડીયોને જ્યાં અટકાવેલો ત્યાંથી જ શરૂ કરો અને ૦૧:૩૫ પર જ્યાં મને કહેવમાં આવ્યું હતું કે હવે તું મોટી થઇ ગઈ છે. કોઈ એવું કામ ન કરતી જેને લીધે પરિવારની..... સવાલ પૂછો)

**સવાલ : એવું કેમ કહ્યું કે હવે તું મોટી થઇ ગઈ છે ? શું માસિકનાં બે દિવસ અગાઉ તે મોટી નહોતી ?**

( **નોંધ :** આ સવાલ થકી આપણે એ જાણવાની કોશિશ કરીશું કે છોકરી ગર્ભ ધારણ કરવાને લાયક થાય છે તેને સમાજમાં કેવી રીતે જોવામાં આવે છે. કેટલાક આ મુજબનાં પુરક સવાલ પણ પૂછી શકાય.)

**પુરક સવાલ : શું પ્રથમ માસિક પર કોઈ આયોજન કરવામાં આવ્યું હતું ?**

( **નોંધ :** જો જવાબ હા હોય તો પૂછો કે શું આયોજન કરવામાં આવ્યું હતું ? જો ઘરમાં કંઈ ગળ્યું બનાવીને ખવડાવવામાં આવ્યું હોય તો એને પણ આયોજન માનો. આયોજનનો અર્થ ફક્ત ઉત્સવ કે કર્મકાંડ નથી કેટલાંક અન્ય પણ પુરક સવાલ પૂછી શકાય. જેમકે,)

- એ આયોજન વિષે એ વખતે કેવું લાગ્યું હતું ?
- **આજે એના વિષે શું વિચારો છો ?**

ચર્ચામાં એ શોધવાની કોશિશ કરો કે માસિકને સમાજ કરી રીતે જુવે છે. જયારે લાગે કે ચર્ચા આગળ નથી વધી રહી ત્યારે વિડીયો જ્યાં અટકાવ્યો હતો ત્યાંથી શરૂ કરો અને ૦૨:૩૫ પર જ્યાં "પિતૃસત્તા તોડો" લખ્યું છે ત્યાં રોકી દો અને આ અભ્યાસ કરો.

**અભ્યાસ સામગ્રી :** બ્લેક બોર્ડ, ચોક અને ડસ્ટર

**અભ્યાસ :** બ્લેક બોર્ડ પર બે ભાગ બનાવો. એક પર લખો "સાચું" અને બીજા પર લખો "ખોટું".હવે સમુહને પૂછો કે માસિક વિષે વાત કરવાનો સાચી રીત શું છે અને ખોટી રીત શું છે. છોકરીઓને આ વિષે કહેવાની રીત અને સમય શું સાચા છે કે ખોટા તે પૂછો. સમાજમાં શું યોગ્ય અને અયોગ્ય માન્યતાઓ છે ? પુરુષોનો કયો દ્રષ્ટિકોણ સાચો અને કયો ખોટો ? પારસ્પરિક દ્રષ્ટિકોણ પર દલીલ કરવાનું કહો અને ચર્ચા શરૂ કરાવો.

( **નોંધ :** શક્ય છે કે ચર્ચામાં એ વાત આવે કે માસિક દરમિયાન સ્ત્રીઓનાં શરીરને અશુદ્ધ ગણવામાં આવે છે. બહુ બધા પ્રતિબંધ લગાવવમાં આવે છે. કોઈ સાફ્સફાઈને લીધે કેટલાક પ્રતિબંધ યોગ્ય ગણાવે એમ પણ શક્ય છે. આ તમામ સવાલોને અભ્યાસ દરમિયાન સંબોધિત કરો. જેમકે, શું ખરેખર સાફસફાઈને લીધે જ પ્રતિબંધ મુકવામાં આવે છે ? જો સમાજ સાફસફાઈ માટે આટલો જ સચેત છે તો બાકી દરેક મામલે શું તે સાફસફાઈની દરકાર રાખે છે ? )

# વિષય : **સંસ્કૃતિમાં પિતૃસત્તા**

## પેટા વિષય : **પ્રજનન અને અપવિત્રતા**

---

વિડીયો : **મહિલાઓનાં શરીરને અપવિત્ર કેમ સમજવામાં આવે છે ? |** સીસી : **અનિલ કુમાર સરોજ |** UID: **UP_1370**

---

**વિડિયોનું વિવરણ :** વિડીયો એક ઉત્સવ સાથે શરૂ થાય છે. આ ઉત્સવ છોકરીનાં પ્રથમ માસિક પર થતી કર્મકાંડની વિધિ છે. વિડીયોમાં એક પુરોહિત કહે છે કે સ્ત્રીઓ એટલે જ પુજારી ન બની શકે કેમકે તે અજ્ઞાની અને અશુદ્ધ છે. વિડીયોમાં એક મહિલા મજબુત રીતે આ માન્યતાઓની વકીલાત કરે છે. એ પણ કહે છે કે માસિક દરમિયાન સ્ત્રી અશુદ્ધ હોય છે. સ્ત્રી અપવિત્ર અને નિમ્ન છે અને પુરુષ શ્રેષ્ઠ. મહિલા દલીલ કરે છે કે પુરુષ એટલે જ ડાકણ નથી હોતા કેમકે તે પુરુષ છે. પુરુષને ભગવાને ખૂદએ બનાવ્યો છે જયારે સ્ત્રીએ પુરુષનો જ એક અંશ છે. જુવાન સ્ત્રી દરેક રીતે અશુદ્ધ હોય છે અને તે અલગ અલગ વસ્તુઓને અડે તો એ ઠીક નથી. જે સ્ત્રી માસિકની વય વટાવી ગઈ છે તે શુદ્ધ છે.

( **નોંધ :** વિડીયો પૂરો થયા બાદ સમૂહમાંથી જ કોઈ પોતે જ ચર્ચા શરૂ કરે એની રાહ જુઓવ. જો તમને લાગે કે વિડીયો ફરી જોવાની જરૂર છે તો તેને ફરી જોઈ શકાય છે. કદાચ ચર્ચા પવિત્રતા, ધર્મ, નૈતિકતા, સંસ્કૃતિ અને પરંપરાની આસપાસ રહશે. કદાચ સ્ત્રીનાં શરીર અને માસિક ધર્મ ઉપર પણ થોડી ચર્ચા થઇ શકે છે. આમાં પવિત્રતા, અપવિત્રતા, નૈતિકતા અને સ્ત્રીનાં શરીર વિષે જે માન્યતાઓ છે તેને બહાર લાવવાની કોશિશ કરો. થોડીવાર પછી જો એવું લાગે કે ચર્ચા આગળ નથી વધી રહી અને એની એ જ વાત ફરીફરીને કહેવાઈ રહી છે તો આ અભ્યાસ કરો.)

**અભ્યાસ સામગ્રી :** એક બ્લેક બોર્ડ, ચોક અને ડસ્ટર

**અભ્યાસ :** બોર્ડ પર બે ભાગ બનાવો. એકની ઉપર લખો "પવિત્ર" અને બીજાની ઉપર લખો "અપવિત્ર". સ્ત્રી અને પુરુષ ક્યારે ક્યારે પવિત્ર કે અપવિત્ર હોય છે તે સમુહને ખાનામાં લખવાનું કહો. કેમ એવું હોય કે એ પણ પૂછો અને તેની નોંધ કરો. કદાચ પુરુષોનાં ખાનામાં અપવિત્રતાનાં ઉદાહરણ ઓછા આવશે. જો ઉદાહરણ આવે તો પૂછો કે જો પુરુષ અપવિત્ર હોય તો તેને માટે કઈ કઈ બાબતો નિષેધ છે ? શું ધર્મ વગેરેમાં એને માટે કોઈ આચારસંહિતા છે ? જયારે પુરુષ "અપવિત્ર" ગણાય છે અને તેને માટે કોઈ જ નિષેધ નથી એવા ક્યા ક્યા સમય છે? જયારે સ્ત્રી "અપવિત્ર" નથી ગણાતી એવો કયો કયો સમય છે જયારે તેને અને તેને માટે આચારસંહિતા છે ? કઈ કઈ આચારસંહિતાઓ છે ? આ સવાલોની આસપાસ ચર્ચાનું સંચાલન કરી શકાય છે.

( **નોંધ :** પવિત્ર અને અપવિત્ર શબ્દોનો ઉપયોગ આપણે માત્ર લોકોનાં મનોભાવ જાણવા માટે કરી રહ્યના છીએ. એ ધ્યાનમાં રાખવું કે આ અભ્યાસ આપણે તથાકથિત પવિત્રતાનાં માળખાને તોડવા માટે કરી રહ્યાં છીએ નહિ કે એને મજબુત કરવા. મતલબ કયો કયો વહેવાર પવિત્ર કે અપવિત્ર છે એ આપણે તેમને નથી કહી રહ્યાં પણ એ જાણી રહ્યાં છીએ કે એમની માન્યતાઓ શું છે અને તેને કેવી રીતે તરતપાસનાં પરિધમાં લાવી શકાય.)

**સવાલ : શું ખરેખર પવિત્રતા કે અપવિત્રતા જેવી કોઈ ચીજ હોય છે પણ ખરી?**

(**નોંધ :** શક્ય છે ચર્ચામાં બધા લોકો કહી દે કે હા હોય છે અથવા તો કોઈ ખબર નથી એમ પણ કહી શકે છે.)

**સવાલ : શું પવિત્ર અને શું અપવિત્ર એ કોણ નક્કી કરે છે ?**

- **શું આપણને જે કહેવામાં આવ્યું છે તે ખરેખર સાચું છે ?**
- **શું આની યોગ્ય અને યોગ્ય કે ન્યાય-અન્યાયની જેમ હિસાબપૂર્ણ રીતે તેની તપાસ કરવાની જરૂર નથી?**
- **જે ચાલી રહ્યું છે એ શું યોગ્ય છે ?**

( **નોંધ :** વિડીયો શરૂઆતથી ચલાવો અને ૦:૪૦ પર જ્યાં પુરોહિત કહે છે કે સ્ત્રી અજ્ઞાની હોય છે અને તે શુદ્ધ નથી ત્યાં રોકો. વિડીયોમાં સીસીએ જે સવાલ પૂછ્યો છે એ જ સવાલ સમુહને પૂછો. )

**સવાલ : ધર્મમાં પ્રમુખ સ્થાને ( પુરોહિત, પાદરી, મૌલવી વગેરે) મહિલાઓ કેમ નથી ?**

( **નોંધ :** ચર્ચાને સારપૂર્ણ બનાવવા માટે નીચેનાં પુરક સવાલો પૂછી શકાય.)

- **શું આ ધર્મગુરુઓ ખરેખર મોટા જ્ઞાની છે ?**
- **શું જ્ઞાની અને વિદ્વાન હોવા માટે ધર્મગુરુ અને પુરુષ હોવું અનિવાર્ય છે ?**
- **ધર્મનાં એવા ક્યા સારા સંદેશ છે જેનાથી ધર્મગુરુ સાવ છેટા રહે છે ?**
- **વાતને ફક્ત માનવી જોઈએ કે જાણવી પણ જોઈએ ?**

( **નોંધ :** જ્યાં ધર્મગુરુ જ્ઞાની નહિ પણ ફક્ત લકીરનાં ફકીર છે એમ જાણવા મળ્યું હોય એવા ઉદાહરણ સમુહને આપવાનું કહી શકો છો. કોઈ એવું ઉદાહરણ જેમાં જાણવા મળ્યું હોય કે સાધારણ મહિલા ધર્મગુરુ કરતા વધુ વિદ્વાન છે. જો એમ લાગે કે ચર્ચા આગળ નથી વધી રહી અને એ જ વાતો ફરીથી કહેવાઈ રહી છે તો વિડીયોને જ્યાં અટકાવ્યો હતો ત્યાંથી ફરી શરૂ કરો અને ૦૨:૧૮ પર રોકી દો જ્યાં એક જ્યાં એક સ્ત્રી કહી રહી છે કે સ્ત્રી દરેક રીતે અશુદ્ધ છે...અશુદ્ધ નહિ... વિડીયો રોકો અને સમુહને સવાલ કરો.)

**સવાલ : પોતે સ્ત્રી હોવા છતાં તે મહિલાઓ અશુદ્ધ છે એવું કેમ કહી રહી છે ?**

( **નોંધ :** મોકળાશથી ચર્ચા થવા દો. સ્ત્રી જ સ્ત્રીની દુશ્મન છે એ વાત ચર્ચામાં આવે એ શકય છે. ચર્ચા સંચાલિત કરતી વખતે એ ધ્યાનમાં રાખો કે આ પિતૃસત્તાનું જટિલ તંત્ર છે જેમાં પિતૃસત્તાની રખેવાળી કરવાની

જવાબદારી મહિલાઓને સોંપવામાં આવે છે. એ વખતે એ મહિલાને નહિ પરંતુ પિતૃસત્તાનાં પહેરેદારનું પ્રતિનિધિત્વ કરી રહી છે. ચર્ચાને આગળ વધારવા માટે કેટલાક પુરક સવાલ પૂછી શકાય. જેમકે, શું ધર્મ મહિલાઓને નિયંત્રિત કરવાનું સાધન નથી ? શું શરીર અપવિત્ર છે ? જયારે ચર્ચા આગળ ન વધે અને એની એજ વાત થાય ત્યારે આ સવાલો પૂછો.)

**સવાલ : શું જન્મ આપવો તે અપવિત્રતા છે ?**

(**નોંધ :** વિડીયોમાં તમે જોયું હશે કે એક સ્ત્રી કહે છે કે જુવાન સ્ત્રી જેને માસિક આવે છે તે અશુદ્ધ છે અને જેમની માસિક વય વીતી ગઈ છે તે વૃદ્ધ સ્ત્રીઓ પવિત્ર છે. માસિકનો સીધો સંબંધ ગર્ભધારણ અને જન્મ આપવા સાથે છે. ચર્ચા થવા દો અને જયારે લાગે કે હવે તે આગળ નથી વધી રહી ત્યારે નીચેનાં કેટલાક પુરક સવાલો પૂછી શકાય.)

- **માસિક એક પ્રાકૃતિક શારીરિક પ્રક્રિયા છે કે અપવિત્રતા ?**
- **પુરુષ ધર્મગુરુ થશે અને સ્ત્રીઓ ડાકણ એ શું મામલો છે ?**
- **શું ધર્મગુરુ સ્ત્રીનાં શરીર વિષે જાણે છે ?**
- **શું એમને સ્ત્રીનાં શરીર વિષે ફતવાઓ/હુકમો આપવાનો અધિકાર છે ?**
- **ધર્મ રાજનૈતિક મામલો છે કે વ્યક્તિગત ?**
- **શું ધર્મગુરુ વગર પણ લોકો ધાર્મિક રહી શકે છે ?**

( **નોંધ :** ધર્મ અને તેની આચારસંહિતાઓને બંધારણનાં સંદર્ભમાં જુવો. અંતે એ વાત પણ વચ્ચે લાવી શકાય કે ધર્મ અને ધર્મગુરુ પણ બંધારણથી બંધાયેલા છે. દેશ કોઈ ધર્મગ્રંથનાં આધારે નહિ પરંતુ બંધારણને આધારે ચાલે છે. )

# વિષય : **સંસ્કૃતિમાં પિતૃસત્તા**

## પેટા વિષય : **પરદો/લાજ/ઘુંઘટ/આધુ**

---

વિડીયો : **ઘુંઘટ લાદવામાં આવ્યો છે અમારી ઉપર** | સીસી : **ઉષા પટેલ** | UID: **UP_1430**

---

**વિડીયોનું વિવરણ :** વિડીયો શરૂ થાય છે. એક મહિલા ઘુંઘટમાં કામ કરી રહી છે. એ કહે છે, ઘુંઘટમાં આત્મનિર્ભરતા નથી. એ અમારી પર લાદવામાં આવ્યો છે. એક અન્ય મહિલા જે ઘુંઘટમાં કુવેથી પાણી ખેંચી રહી છે કહે છે કે મહિલાઓ બંધાયેલી છે કેમકે તેમને ઘુંઘટ  રાખવો પડે છે. પુરુષોને થોડો રાખવો પડે છે? આ મંજુર નથી પરંતુ દબાણમાં કરવું પડે છે. પુરુષોને લાગે છે કે ચાર લોકોમાં એમની ઈજ્જત હોવી જોઈએ એટલે જ દબાવીને રાખે છે. અમારે પણ દાબીને રહેવું પડે છે. પૂર્વજોએ પ્રથા બનાવી હતી એ જ ચાલે છે. બીજી એક મહિલા કહે છે કે અમારાથી મોટી સ્ત્રીઓ કરી રહી હતી એટલે અમારે પણ કરવું પડ્યું. આ પિતૃસત્તાનો રૂઢિવાદ છે. પુરુષ ઈચ્છે છે કે મહિલા દરેક સમયે તેમનાથી દબાયેલી રહે તેને લીધે જ મહિલાને ઘુંઘટમાં રહેવું પડે છે. જો અમે આનું પાલન કરીશું તો આત્મનિર્ભર નહિ થઇ શકીએ. ઘુંઘટ  કાઢીને બહારનું કામ જલ્દી જલ્દી નથી કરી શકતી. વહુ અને દીકરી વચ્ચે અંતર ઉભું કરવામાં આવ્યું છે. અંદર દિલમાં તો થાય છે કે આની પર સવાલ ઉઠાવી તેને થોડું ઓછું કરું પણ દબાણમાં નથી કરી શકતી, પસંદ તો નહિ જ પણ દબાણમાં કરવું પડે છે.

( **નોંધ :** જો તમે ઈચ્છો તો આખો વિડીયો ફરી જોઈ શકો છો. જો સમૂહ એની મેળે ચર્ચા શરૂ કરી દે તો એ સારી વાત છે. તેનું સંચાલન કરો અથવા વિડીયો ફરીથી ચલાવો અને ૦:૪૫ પર જ્યાં મહિલા કુવેથી પાણી ભરીને જઈ રહી છે ત્યાં રોકી દો. આ સવાલ પૂછો.)

**સવાલ : મોઢું ઢાંકીને કુવેથી પાણી ભરતી વખતે કોઈ અકસ્માત પણ થઇ શકે છે, આ સ્ત્રીઓ કુવામાં પડી જાય એમ પણ બની શકે. એમના પરિવારને આવો વિચાર કેમ નથી આવતો ? તેના જીવ સાથે રમત કેમ રમવામાં આવે છે ?**

( **નોંધ :** શું સંસ્કાર વ્યક્તિનાં જીવ કરતા પણ વધુ મોટી વાત છે તેનો વિરોધાભાસ સમજવાની કોશિશ કરો. શું આ મહિલાનાં જીવની કોઈ જ કિમત નથી ? મહિલાઓ વિષે આટલી બધી બેપરવાઈ કેમ છે. આખા ગામમાં કોઈને પણ આ ખોટું કેમ નથી લાગતું ? પુરુષ કેવી પરિસ્થિતિમાં કામ કરે છે અને મહિલાઓ કેવી પરિસ્થિતિમાં કામ કરે છે તેની આસપાસ પણ ચર્ચા થઇ શકે છે. જયારે તમને લાગે કે હવે ચર્ચા આગળ નથી વધી રહી તો સવાલ પૂછો.)

**સવાલ : મહિલાઓ કહી રહી છે કે આ લાદવામાં આવ્યું છે અને દબાણમાં કરી રહી છે. લાદવામાં કેમ આવ્યું છે ? દબાણ કેમ છે ?**

( **નોંધ :** પુરુષ લાદી રહ્યાં છે અને મહિલાઓ મજબુર છે. આને મહિલાઓ લાચાર, બિચારી અને અબળા છે એ રીતે જાહેર ન કરો પરંતુ યોગ્ય-યોગ્ય અને ન્યાયનાં ત્રાજવે ચર્ચા કરો. કઈ કઈ બાબતો આ જોર-જબરદસ્તીની સમર્થન કરે છે તેને ચર્ચામાં સામેલ કરાવો. જેમકે, સમાજ, સંસ્કાર, વગેરે. કૈક આ મુજબનાં પુરક સવાલો પૂછી શકાય છે.)

**પુરક સવાલ : શું મહિલાઓ પુરુષો પર કંઈ લાદી શકે છે ?**

- **મહિલાઓ શું લાદી શકે છે અને કોના પર લાદી શકે છે ?**
- **શું આ તાકાતનો સંબંધ નથી ?**
- **કોઈ પોતાની આખી જિંદગી લાદેલા બંધન સાથે જીવે એ દુખદ વાત નથી ?**
- **શું સ્ત્રીઓનું આ નુકશાન કોઈ રીતે વાળી શકાય એવું છે ?**
- **શું આપણે માનવીય છીએ ?**

( **નોંધ :** જયારે તમને લાગે કે હવે ચર્ચા આગળ નથી વધી રહી તો વિડીયો જ્યાં અટકાવ્યો છે ત્યાંથી જ આગળ ચલાવો અને ૦૧:૪૨ પર જ્યાં મહિલા કહી રહી છે કે, પુરુષ ઈચ્છે છે કે સ્ત્રીઓ હમેશાં દાબમાં રહે એટલે જ એમને ઘૂંઘટમાં રહેવું પડે છે. સવાલ પૂછો.)

**સવાલ : મહિલાઓને દબાણમાં રાખવી એમાં પુરુષોની ઈજ્જત કેવી રીતે છે ?**

( **નોંધ :** ઈજ્જત/આબરૂનો ટોપલો કાયમ મહિલાઓને શિરે જ નાખવામાં આવે છે. જેને આપણે ઈજ્જત માની રહ્યાં છીએ એ શું છે તેની પરખ કરો. કંઇક આ પ્રકારનાં સવાલ પૂછી શકાય છે.)

**પુરક સવાલ : શું અન્યાય અને ઈજ્જતમાં કોઈ ફર્ક નથી ?**

- **શું અમાનવીય થઇ જવાથી ઈજ્જત વધે છે ?**
- **ઈજ્જત, પરંપરા, સંકૃતિ આટલી જલ્દી નષ્ટ કેવી રીતે થઇ જાય છે?**

(**નોંધ :** જો તમને લાગે કે ચર્ચા આગળ નથી વધી રહી તો આ સવાલ પૂછો.)

**સવાલ : ઘૂંઘટ/લાજ/પરદાપ્રથા આજે પણ કેમ ચાલુ છે ?**

( **નોંધ :** આને પરંપરા અને સંસ્કાર માનવામાં આવે છે. આને પિતૃસત્તા કેવી રીતે સંચાલિત તેની આસપાસ ચર્ચા થઇ શકે છે. કંઇક આ મુજબ પુરક સવાલો પૂછી શકાય.)

**પુરક સવાલ : આ સંસ્કૃતિ છે કે પિતૃસત્તા ?**

( **નોંધ :** જો તમને લાગે કે ચર્ચા આગળ નથી વધી રહી અને એ જ વાતો ફરી કહેવાઈ રહી તો આ અભ્યાસ કરો.)

**અભ્યાસ સામગ્રી :** એક બ્લેક બોર્ડ, ચોક અને ડસ્ટર

**અભ્યાસ :** બોર્ડ પર બે ખાના પાડો. ૧. બદલાઈ ગયેલી અથવા છોડી દીધેલી પરંપરાઓ. ૨. પ્રચલિત પરંપરાઓ. હવે સમુહને પૂછો કે કઈ કઈ પરંપરાઓ પહેલા હતી પણ હવે નથી. આજ રીતે હાલ કરી પરંપરાઓ પ્રચલિત છે એ પૂછો. આ રીતે શ્રેણી મુજબ યાદી કરતા જાવ. વધુમાં વધુ પરંપરાને સામેલ કરવાની કોશિશ કરો. ત્યારબાદ સમુહને પૂછો કે પ્રચલિત પરંપરામાંથી તમને છોડી દેવા જેવી લાગતી હોય એવી કઈ કઈ પરંપરાઓ છે ? સમૂહનાં સભ્યોને પોતાના દ્રષ્ટિકોણ માટે દલીલ કરવાનું કહો.

( **નોંધ :** છોડી દીધેલી પરંપરાઓનાં ઉદાહરણ તરીકે સતીપ્રથાને લઇ શકાય છે, (જોકે હજીયે ક્યારેક એકાદ કેસ સાંભળવામાં આવી જાય છે.) પ્રચલિત પરંપરાઓ કેવી રીતે પ્રાસંગિક કે અપ્રાસંગિક છે તેના પર ખાસ ચર્ચા કરાવો. છોડવામાં આવેલી પરંપરાઓ કેમ છોડવામાં આવી તેના કારણ જાણવાની કોશિશ કરો. ત્યારબાદ એ જુવો કે કેટલી પરંપરાઓ મહિલા સંબંધિત છે અને એ સિવાયની કેટલી છે. મહિલા સંબંધિત હોય એવી કેટલી પરંપરાઓને છોડી દેવામાં આવી છે અને અન્ય કેટલી પરંપરાઓને છોડી દેવામાં આવી છે. મહિલાઓ સંબંધિત પરંપરા એ પરંપરા છે કે આચારસંહિતા? શું સમાજ મહિલાઓ સંબંધિત પરંપરા બાબતે વધુ ક્રૂર છે અને બાકીની પરંપરાને મુદ્દે ઉદાર છે એવું છે? પરંપરા બાબતે કેવું વલણ છે તેને સમજવાની કોશિશ કરો. સમૂહ પરંપરાઓને ટીકાત્મક દ્રષ્ટીએ જોવાનું શીખે અને લૈંગિક તફાવતને લક્ષમાં લઈને તેનું વિશ્લેષણ કરી શકે એમ કરવાની કોશિશ કરો.)

# વિષય : **સંસ્કૃતિમાં પિતૃસત્તા**

## પેટા વિષય : **પરદો/લાજ/ઘુંઘટ/આધુ**

વિડીયો : **આ બંધન હટે તો શ્વાસ આવે** | સીસી : **માધુરી ચૌહાણ** | UID: **UP_1473**

**વિડીયોનું વિવરણ :** વિડીયો શરૂ થાય છે. સીસી પાત્રને પૂછે છે કે વહુ નવીનવી પરણીને આવે અને તેણે ઘુંઘટ ન કર્યો હોય તો લોકો શું કહે છે? મહિલા જવાબ આપે છે, લોકો કહેશે કે જરીકે શરમ નથી આને. માબાપે શું શીખવાડ્યું છે..આવી ઘણી વાતો લોકો કહે છે. શું તમને લાગે છે કે તમારે ઘૂંઘટમાં રહેવું જોઈએ એ સવાલ પર મહિલા કહે છે કે નથી લાગતું. બીજી એક મહિલા કહે છે સાસરીમાં મોટાઓથી બચવા માટે ઘુંઘટ કરવો જોઈએ. હું જયારે સાસરીમાં આવી હતી ત્યારે ઘુંઘટમાં જ આવી હતી અને અત્યારે પણ ઘુંઘટમાં જ રહું છું. ઘુંઘટમાં રહેવાનું સારૂં લાગે છે. સીસી પૂછે છે કે શું તમારા પતિ તમારા પિયર જાય છે તો એ પણ ઘૂમટો તાણે છે? જવાબમાં મહિલા હસે છે અને કહે છે કે...ના ના. એ શું કામ ઘુંઘટ  કરીને જાય ? એ તો મર્દ છે, ઘુંઘટ  તો સ્ત્રીઓ માટે જ બનાવવામાં આવ્યો છે ને! બીજી મહિલા કહે છે બધા બંધનો સ્ત્રીઓ માટે જ છે. અમે તો ઇચ્છીએ છીએ કે આ હટવો જોઈએ અથવા પુરુષ પણ કરે ઘુંઘટ. બરાબરી હોવી જોઈએ. ઘુંઘટ  મહિલાઓ માટે જ બન્યો છે એ તમને કેવી રીતે ખબર પડી એ સવાલના જવાબમાં એ કહે છે હું શરૂઆતથી જ જોતી આવી છું કે મહિલાઓ જ ઘુંઘટમાં રહે છે. સીસી પૂછે છે કે શું તમારા પતિએ પણ ઘુંઘટમાં રહેવું જોઈએ? તો એ હસીને જવાબ આપે છે કે ના કેમકે ઘુંઘટ  મર્દોને શોભા નથી આપતો એ ફક્ત સ્ત્રીઓને જ શોભે છે. બીજી મહિલાઓ પોતાની ઇચ્છાઓ બતાવે છે કે અમે પણ બહાર જઈ શકીએ, કંઈ કામ કરી શકીએ, મતલબ ઘુંઘટમાં ન રહીએ અને આ બંધનો દૂર થાય એવું થવું જોઈએ.

( **નોંધ :** જો તમને લાગતું હોય કે વિડીયો ફરી જોવાની જરૂર છે તો તમે આખો વિડીયો ફરી બતાવી શકો છો. ત્યારબાદ કોશિશ કરો કે ચર્ચા પોતે જ શરૂ થઇ જાય. કદાચ સરળતાથી ચર્ચા શરૂ થઇ જશે. ઘુંઘટ  આંખોની શરમ છે, વડીલોની મર્યાદા છે, ઈજ્જત છે, નારીની લાજ છે, સ્ત્રીનું ઘરેણું છે, ઘુંઘટ  ખોટો છે, ખરાબ પ્રથા છે, પછાતપણું છે, રુઢીવાદીતા છે આ પ્રકારની ચર્ચા કદાચ થશે. સમૂહની વાતો ધ્યાનથી સાંભળો અને જો તમને લાગે કે ચર્ચા આગળ નથી વધી રહી અને એની એજ વાત કહેવાઈ રહી છે તો સવાલ પૂછો.)

### સવાલ : શું તમે ઘુંઘટ કરો છો, શું તમારી પત્ની ઘુંઘટ  કરે છે, તમારા પરિવારમાં કોઈ ઘુંઘટ  કરે છે?

( **નોંધ :** એકવાર ઘુંઘટનાં મામલાને જમીની સ્તર પર લઇ આવો અને જણાવો કે આ બીજે ક્યાયની નહિ પણ આપણી જ વાત થઇ રહી છે, આપણી આસપાસની વાત થઇ રહી છે. ઘુંઘટની આસપાસ સમૂહનાં શું અનુભવો છે તેને બધાને વહેંચવા દો. મતલબ એવા કોઈને જાણો છો કે જેણે ઘુંઘટ કરવાનો ઇનકાર કર્યો ને તેના પરિવારમાં

શું બન્યું? મોઢું ઢાંકીને કામ કરવું અને પરદા વગર કામ કરવું એનો ફર્ક, લગ્ન પ્રસંગે છોકરી પર ઘુંઘટનું દબાણ અને ઘુંઘટની મહિમાનાં વખાણ વગેરે બાબતો ચર્ચો. ત્યારાબાદ આ સવાલ પૂછો.)

**સવાલ : ઘુંઘટ  કેમ ?**

(**નોંધ :** આ ખૂબ જ મહત્વપૂર્ણ અને પાયાનો સવાલ છે. કેમકે લાજ-શરમ વગેરે જેવી વાતો સાંભળીને વાસ્તવિક કારણો જાણવા મળતા નથી એટલે ઘડીકવાર માટે સાચા-ખોટામાંથી બહાર નીકળીને મળીને શોધો કે વાસ્તવમાં ઘુંઘટ કેમ ? જો ઈજ્જત અને શરમને આની સાથે કોઈ લેવાદેવા નથી તો અસલ કારણ શું છે તેને શોધવાની કોશિશ કરો. સવાલ બદલીને પણ કોશિશ કરી શકાય છે.)

**પુરક સવાલ : એક ખાસ સંબંધમાં ફક્ત સ્ત્રીઓ માટે જ કેમ ?**

- **શું પુરુષો આંખમાં આંખ પરોવીને વાત કરતા ડરે છે ?**
- **ઘુંઘટ  કરનારી અને નહિ કરનારી સ્ત્રીમાં તમને શું ફરક લાગે છે ?**
- **શું સ્ત્રી સાથે સીધા રૂબરૂ થવાથી બચો છો ?**
- **શું તેનો સંબંધ સ્ત્રીઓનાં આત્મવિશ્વાસ અને સ્વનિર્ભરતા ઉપર પણ છે ?**
- **શું એટલા માટે છે કે તે દુનિયાની સાથે પ્રત્યક્ષ સંબંધ ન બનાવી શકે એટલા માટે છે ?**
- **શું એટલા માટે છે કે પુરુષ પોતાની પત્નીનાં શરીરને તેની જાગીર સમજે છે અને તે નથી ઈચ્છતો કે બીજું કોઈ તેને જુવે ?**
- **શું આ મર્દાનગી અને યૌન પવિત્રતા સાથે જોડાયેલો મામલો છે ?**

( **નોંધ :** ઘુંઘટ વિષેની એક પ્રચલિત માન્યતા એ છે કે મુગલોની ખરાબ નજરથી બચવા માટે સ્ત્રીઓએ ઘુંઘટ રાખવાનું શરૂ કર્યું. આ ધાર્મિક ફંદાથી સાવધાન સચેત રહો. મુસ્લિમ સમુદાયમાં પણ સ્ત્રીઓને બુરખામાં રાખવામાં આવે છે કદાચ આનો સંબંધ સ્ત્રી શરીર, યૌન પવિત્રતા અને મર્દાનગી સાથે વધુ છે. આપણે ત્યાં બદલો લેવા માટે દુશ્મની કાઢવા માટે પણ સ્ત્રીઓનું શારીરિક શોષણ કરવામાં આવે છે. સ્ત્રીનું શરીર એક મોટું યુદ્ધનું મેદાન રહ્યું છે અને છે. આ રીતે આ શોધવાની અને સમજવાની કોશિશ કરો કે "ઘુંઘટ કેમ ?" જયારે તમને લાગે કે ચર્ચા આગળ નથી વધી રહી ત્યારે અભ્યાસ કરો. )

**અભ્યાસ સામગ્રી :** એક બ્લેક બોર્ડ, ચોક અને ડસ્ટર

**અભ્યાસ : બ્લેક બોર્ડ પર બે ભાગ બનાવો. ૧ સારો બદલાવ ૨. ખરાબ બદલાવ. સમુહને લખવાનું કહો કે જો મહિલાઓ** ઘુંઘટ  ન રાખે તો પરિવાર અને સમાજમાં શું શું ફેરફાર થશે. ત્યારબાદ દરેકને પોતાના વિચાર માટે તર્ક રજુ કરવાનું કહો. પછી જુવો કે કેટલા સારા બદલાવ દેખાય છે અને કેટલા ખરાબ બદલાવ. તપાસ એ પણ કરો કે જે ખરાબ બદલાવ છે એ ખરેખર ખરાબ છે, તેમાં કોઈ ફેરબદલ કરવા ચાહે તો કરો.

(**નોંધ :** ઘુંઘટ પ્રથા બંધ થઇ જવાથી સમાજ પર કોઈ ખરાબ અસર નહિ પડે. જો અભ્યાસ દરમિયાન ખરાબ બદલાવનાં ખાનામાં કંઈ લખેલું હોય તો સમજી જાવ કે બદલાવ ખરાબ નથી પરંતુ આપણી પાસે કોઈ તર્ક નથી કેમકે એકેય રીતે ઘુંઘટ પ્રથાને યોગ્ય અને ન્યાયી ઠેરવી શકાય એમ નથી. કુલ મળીને અભ્યાસ એ જ છે કે ખરાબ બદલાવનાં ખાનામાં કંઈ પણ શેષ ન વધે. સમુહને પ્રેરિત કરવા માટે વધુ એક પુરક કરી શકાય છે.)

**પુરક અભ્યાસ :** તમારા ગામ સમુદાયમાં એવી કેટલી મહિલાઓ છે જે ઘુંઘટ નથી રાખતી તેની યાદી બનાવો. શું સમૂહ સાથે મળીને એવી કોઈ પ્રવૃત્તિ કરી શકે એમ છે જેને લીધે ઘુંઘટ પ્રથાની વિરુદ્ધ માહોલ થાય અને લોકો એને છોડવા માટે પ્રેરિત થાય.

( **નોંધ :** ઉદાહરણ તરીકે જેણે ઘુંઘટ પ્રથા ત્યાગી દીધી હોય એવી કોઈ એક મહિલાને બોલાવો અને તેના અનુભવો સાંભળો. સમૂહની તરફથી એમનું સન્માન પણ કરી શકાય. ગામમાં કેટલી મહિલાઓ છે જે ઘુંઘટ પ્રથા છોડી ચુકી છે અને કેટલી મહિલાઓ ઘુંઘટ છોડવા માટે તૈયાર છે તેની યાદી બનાવો. જો શકય હોય તો સમુહની તરફથી એક નાનકડો કાર્યક્રમ પણ આયોજિત કરી શકાય. જેમાં ઘુંઘટ પ્રથા છોડનારી મહિલાઓ અને તેમના પતિ અથવા તો પરિવારને સન્માનિત કરવામાં આવે. જેઓ છોડવા માંગે છે તેમને પણ મંચ પર આમત્રિત કરો. એ યુવાન છોકરા-છોકરીઓને પણ આમંત્રિત કરો જેઓ લગ્ન બાદ ઘુંઘટ પ્રથા નહિ કરે તેવી જાહેરાત કરે. એક વાતનું ખાસ ધ્યાન રાખો. યોજના આખો સમૂહ ભેગો થઈને બનાવે જેથી તેઓ શું કરી શકે છે અને કેવી રીતે કરી શકે છે સ્પષ્ટ થઇ શકશે.)

# પ્રતિભાવ વિડીયો (રેસ્પોંસ વિડિયો)

ડિસ્કશન ક્લબમાં ભાગીદાર થવાનો સભ્યોનો અનુભવ કેવો રહ્યો. તેમણે શું મહેસુસ કર્યું અને તેમની ટિપ્પણીઓ તેમજ પ્રતિક્રિયા શું છે તેનો આ વિડીયો છે. આને શૂટ કરવા માટે ૧૬ સીસીને પસંદ કરવામાં આવ્યા છે. જો તમે એ ૧૬ની યાદીમાં ન હો તો મહેરબાની કરીને પ્રતિભાવ વિડીયો ન બનાવો. આ પ્રોજેક્ટમાં ૧૬ રાજય છે અને અમે ફક્ત આજ ૧૬ રાજ્યમાં પ્રતિભાવ વિડીયો શૂટ કરવા માટે રાજય દીઠ એક સીસીની પસંદગી કરેલી છે.

**પ્રતિભાવ વિડીયો** ડિસ્કશન ક્લબમાં **ભાગ લેનારા પસંદ કરાયેલા સભ્યોની મુલાકાત હશે. જે ચર્ચા અગાઉ અને પછી શૂટ કરવામાં આવશે.**

## પ્રતિભાવ વિડીયો શું કામ :

ઇન્ડિયા અનહર્ડની સામાન્ય પ્રક્રિયા મુજબ અમે વિડીયોને સરકારી અધિકારીઓને બતાવીએ છીએ અને સમુદાયને બદલાવ અને આગેવાની લેવા માટે સંગઠિત કરીએ છીએ જેથી સમસ્યાનો ઉકેલ આવી શકે. લૈંગિક ભેદભાવ અને પિતૃસત્તા સંબંધિત મુદ્દામાં ઉકેલ મેળવવો સહેલો નથી હોતો પરંતુ ડિસ્કશન ક્લબમાં ભાગ લેનારા સભ્યની માનસિકતામાં શું ફેરફાર થયો તેનું દસ્તાવેજીકરણ કરી શકીએ છીએ.

## કેટલા પ્રતિભાવ :

૧૬માંથી પ્રત્યેક સીસી ચર્ચા શરૂ થતાં અગાઉ અને પાછી ૩-૪ સભ્યોની મુલાકાત લેશે. દરેક બેઠકની પહેલા અને પછી આજ ૩-૪ સભ્યોની મુલાકાત કરવામાં આવશે.

## પ્રતિભાવ વિડીયો માટે સભ્યની પસંદગી :

તમારે તમારા સમૂહનાં ૧૨-૧૮ સભ્યો પૈકી ફક્ત ૩-૪ લોકોની જ પસંદગી કરવાની છે. આ પસંદગી સાવધાનીથી કરો. પસંદગી કરતી વખતે નીચેની બાબતોનું ધ્યાન રાખો.

- **વય વૈવિધ્ય :** જો તમારા સમૂહમાં અલગ અલગ વયજૂથનાં લોકો હોય તો પસંદગી કરતી વખતે એ ધ્યાન રાખો કે વિવિધ વયજૂથનાં લોકોની પસંદગી થાય.
- **અનુભવ વૈવિધ્ય :** જેઓ બાહરની દુનિયા સાથે જોડાયેલા હોય અને લૈંગિક ભેદભાવ તેમજ માનવ અધિકારની થોડીઘણી સમજ ધરાવતા હોય એવા લોકો પણ તમારા સમુહમાં હોય તેવું બની શકે છે. અમુક સભ્યો એવા પણ હશે કે જેમનો બહારની દુનિયા સાથેનો અનુભવ ખુબ જ ઓછો હશે. તો અનુભવની વિવિધતા જળવાય તે રીતે ૩-૪ સભ્યોની પસંદગી કરો.

- **વૈચારિક વૈવિધ્ય :** તમારા સમુહમાં કેટલાક સભ્યો પિતૃસત્તા, ધર્મ, સંસ્કૃતિ વગેરે પણ મજબુત અભિપ્રાય ધરાવનારા હશે અને અમુક એવો તેમનાથી અલગ વૈચારિક સમજ ધરાવનારા પણ હશે. જે વિવિધ વિચારોનું પ્રતિનિધિત્વ કરતા એવા ૩-૪ લોકોને પસંદ કરો.
- **અવાજમાં વિવિધતા :** સમુહમાં કેટલાક લોકો તરત જવાબ આપનારા કે આગળ ચઢીને બોલનારા હશે તો વળી કોઈક સાવ ઓછું બોલનારા કે મોટેભાગે ચૂપ રહેનારા પણ હશે. જે લોકો સામાન્યપણે ઓછું બોલે છે તેમની પ્રતિક્રિયા જાણવી પણ ખુબ જરૂરી છે.
- **પ્રતિબદ્ધતા :** એવા સભ્યોની પસંદગી કરો જે તમામ ડિસ્કશન ક્લબમાં સામેલ થવા માટે પ્રતિબદ્ધ હોય.

## પ્રતિભાવ વિડીયો માટે સવાલ :

તમે પસંદ કરેલા ૩-૪ સભ્યોને ડિસ્કશન કલબની પ્રથમ **બેઠક અગાઉ** આ સવાલો પૂછો :

- તમારું નામ શું છે ? વય કેટલી છે અને શું કરો છો ?
- તમે આ ડિસ્કશન કલબ સાથે કેમ જોડાઈ રહ્યાં છો અને તેનાથી તમને શું આશા છે ?
- પિતૃસત્તા શબ્દનો અર્થ શું છે ?
- પિતૃસત્તાથી તમને શું ફાયદો થઇ રહ્યો છે ?
- પિતૃસત્તાથી તમને શું નુકશાન થઇ રહ્યું છે ?

આજ પસંદ કરેલા ૩-૪ સભ્યોને **બેઠક પછી** આ સવાલ પૂછો :

- આજની બેઠક અને ચર્ચા આપણે કેવી લાગી ?
- શું કોઈ એવી વાત નીકળી જેનો તમને આજે પહેલીવાર અહેસાસ થયો હોય ? મતલબ તમે એ વિષય પર આજથી અગાઉ કદી વિચાર્યું જ હોય એવું કંઈ બન્યું ?
- પિતૃસત્તા શબ્દનો અર્થ શું છે ?
- પિતૃસત્તાથી તમને શું ફાયદો થઇ રહ્યો છે ?
- પિતૃસત્તાથી તમને શું નુકશાન થઇ રહ્યું છે ?
- શું તમને લાગે છે પિતૃસત્તાને નેસ્તોનાબૂદ કરી શકાય એમ છે ?

આ સવાલો સિવાય બીજા પણ સવાલ તમારે પૂછવા પડશે. એ સવાલો કોઈ ખાસ વિડીયોનાં સંદર્ભમાં હશે. આ સવાલો માટે ડિસ્કશન નોંધ જોઈ જુવો.

## પ્રતિભાવ વિડીયોને કેવી રીતે શૂટ કરવો :

આ મુલાકાત યાને કે ઈન્ટરવ્યુંને આરામથી બેસીને શૂટ કરવો જોઈએ. આમાં સહુથી મહત્વપૂર્ણ વાતચીતની ગુણવત્તા છે અને તેને નિશ્ચિત કરવા માટે એવું સ્થળ પસંદ કરો જ્યાં તેઓ નિરાંત અનુભવે અને અસહજ ન લાગે.

આ વાતોનું અનુસરણ કરો :

- તમારો કેમેરો ટ્રાઈપોડ પર લગાઓ.
- રુલ ઓફ થર્ડનું પાલન કરો અને સીયુ ( ચહેરા શોટ ) એમએસ ( આધા શોટ ) પર કેમેરાને રોકો. સ્થાયી કરો. અર્ધા શોટથી મોટો શોટ નથી જોઈતો કેમકે તેને લીધે અવાજ સરખો રેકોર્ડ નહિ થાય અને અમને બિલકુલ સાફ અવાજ જોઈએ છે.
- સાદગીથી ફ્રેમને કમ્પોઝ કરો. એ વાતનું ધ્યાન રાખો કે બેકગ્રાઉન્ડમાં કોઈ નકામી કે વિવાદિત વસ્તુઓ ન હોય. જેમકે, કેલેન્ડર, દીવાલ પર લખેલો કોઈ નારો કે માહિતી આપતું નોટીસ બોર્ડ વગેરે ન હોય. બેકગ્રાઉન્ડને એકદમ સાફ અને સાદું રાખો. કોશિશ કરો કે બેક ગ્રાઉન્ડમાં કઈ જ હોય, ત્યાં સુધી કે ડિસ્કશન કલબનાં ચાર્ટ પેપર પણ ના રાખો.
- ઈન્ટરવ્યું ઓરડામાં શૂટ ન કરો અને જો ઓરડામાં શૂટ કરી રહ્યાં છો તો ખાતરી કરો કે પૂર્તિ રોશની છે અને અવાજનાં પડઘો પડી નથી રહ્યો.
- એક વાર ફ્રેમ નક્કી કરીને સ્થિત કરીને રેકોર્ડનું બટન દબાવો. હવે તમે શોટ બદલવો વગેરે તમામ વાતોથી મુક્ત થઇ જાવ અને પૂરું ધ્યાન વાતચીત અને ઈન્ટરવ્યું પર આપો.
- કેમેરાની એકદમ પાછળ બેસો અને સવાલ કરો જેથી જવાબ આપનારો કેમેરા સામે વાત કરે છે એવું લાગશે. કેમેરાની બાજુમાં ન બેસો.

## પ્રતિભાવ વિડીયો માટે બીરોલ (BRoll) :

આની અગાઉ રિપોર્ટીંગ યાને કે અહેવાલનાં વિભાગમાં અમે તમને કેટલાક વિડીયો મોકલવાનું કહ્યું હતું. જે આ મુજબ છે :

- જેમાં બધા બેસીને વિડીયો જોઈ રહ્યા છે એવું લાગે એવો એક ૨૦ સેકન્ડનો લાંબો શોટ.
- જેમાં સમૂહ મુદ્દા પર ચર્ચા કરી રહ્યો છે તેવું લાગે એવો ૨૦ સેકન્ડનો લાંબો શોટ.
- વાત કરી રહ્યાં હોય અને બોલી રહ્યાં હોય તેવા સભ્યોના સીયુ ( ચહેરા શોટ)

ઉપર બતાવેલા બી રોલ બનાવતી વખતે એ વાતનું ધ્યાન રાખવું જોઈએ કે પ્રતિભાવ માટે પસંદ કરેલા ૩-૪ લોકો એ શોટમાં સ્પષ્ટ રીતે દેખાય.

## અભ્યાસ 1

# સ્ત્રીનાં કામ અને પુરુષનાં કામ

---

**અભ્યાસ :** લોકોને નાના-નાના જુથમાં વહેંચી દો અને તેમને જુથ દ્વારા નક્કી કરવામાં આવેલી કોઈ એક ખાસ મોસમમાં એક પુરુષ અને એક સ્ત્રી અથવા તો પતિ-પત્નીનાં જીવનનાં એક દિવસનું અનુમાન લગાવવાનું કહો. જૂથને એક મોડલ તરીકે દિવસનાં ૨૪ કલાક દરમિયાન મહિલા દ્વારા ઘરમાં કરવામાં આવેલા કામોને લખવાનું કહો. જેના વિષે તે કામ છે તેવું વિચાર્યું જ ન હોય તેવી દરેક પ્રવુતિ લખવા માટે જુથને પ્રેરિત કરો. જેમકે, સ્તનપાન, સિલાઈ, સમુદાયની બેઠક, રાંધવું, બાળકોની દેખરેખ વગેરે.

આનાથી કંઇક આવા તથ્યો સામે આવે છે.

- મહિલાઓ અને પુરુષ દિવસ દરમિયાન અલગ અલગ પ્રકારનાં કામ કરે છે.
- સામાન્યપણે મહિલાઓ વધુ કલાક કામ કરે છે.
- મહિલાઓનાં કામ વિવિધ પ્રકારનાં હોય છે અને તેઓ મોટેભાગે એકવારમાં એકથી વધુ કામ કરે છે.
- ઘરનું કામ મહિલાઓ જ કરે છે.
- પુરુષ સામાન્યરીતે ઘરની બહારનાં કામ કરે છે.
- પુરુષો પાસે ફાજલ સમય વધુ હોય છે.
- મહિલાઓ ઓછું ઊંઘી શકે છે.
- નિર્ણય લેવામાં પુરુષોની ભૂમિકા વધુ હોય છે.
- કેટલાક સમાજોમાં કામનાં ભારનાં હિસાબે પુરુષો અને મહિલાઓની પારંપરિક ભૂમિકા વધુ સંતુલિત છે પરંતુ બદલાવ પછી પુરુષોનાં પારંપરિક કામો ઓછા થયા છે અને મહિલાઓનાં કામ વધ્યા છે.

અભ્યાસ 2

# ઘરમાં પિતૃસત્તા

---

**અભ્યાસ :** સ્ત્રી અને પુરુષનાં બે કે બેથી વધુ અલગ અલગ જુથ બનાવો. એ ધ્યાનમાં રાખો કે દરેક જુથમાં કેટલાક પરિણીત લોકો હોય અને કેટલાક એવા લોકો હોય જેમને બાળકો હોય. દરેક જુથે એકબીજાથી અલગ ચર્ચા કરવાની છે જેથી તેઓ એકમેકની વાતો ન સાંભળી શકે. જૂથનાં દરેક વ્યક્તિ એક કુંડાળું કરીને બેસવાનું છે. પછી એક માણસ બીજા માણસને સવાલ પૂછે છે. બીજો માણસ જવાબ આપે છે. આનું પૂરું રેકોર્ડીંગ કરવું પડશે. પછી બીજો માણસ ત્રીજા માણસને સવાલ પૂછશે જેનો તે જવાબ આપશે. પછી ત્રીજો માણસ ચોથા માણસને સવાલ પૂછશે અને જવાબ રેકોર્ડ થતો જશે. આ પ્રક્રિયા આખર સુધી ચાલશે.

### પુરુષ જુથને પૂછવાના સવાલ

- પહેલીવાર જયારે તમને ખબર પડી કે તમારી પત્ની ગર્ભવતી છે તો તમને કેવું લાગ્યું અને તમે આ વાત કોને કોને કહી ?
- જયારે તમારી પત્ની બાળકને જન્મ આપી રહી હતી ત્યારે તમે ક્યાં હતા ?
- બાળકનો જન્મ થવાનો હોય ત્યારે સામાન્યપણે પતિને પત્નીની સાથે કેમ નથી રહેવા દેવામાં આવતો ?
- જયારે તમારી પત્ની બાળકની દેખરેખ રાખતી હોય છે ત્યારે તમને ઈર્ષા થાય છે?
- શું તમે કદી બાળકને નવડાવ્યો-ધોવડાવ્યો છે ?
- જો તમારા પિતાને ખબર પડે કે તમે નવડાવો-ધોવડાવો છો તો તેમની પ્રતિક્રિયા શું હશે ?

### મહિલા જૂથને પૂછવાનાં સવાલ

- જયારે તમને ખબર પડી કે તમે ગર્ભવતી છો તો તમને શું મહેસુસ થયું અને આ વાત તમે કોને કોને કહી ?
- બાળક જન્મવાને સમયે તમારી સાથે કોણ હતું ?
- બાળકનો જન્મ થવાનો હોય ત્યારે સામાન્યપણે પતિને પત્નીની સાથે કેમ નથી રહેવા દેવામાં આવતો ?
- શું તમે કદીયે પતિને બાળકને નવડાવવાનું-ધોવડાવવાનું કહ્યુ છે અને એમનો જવાબ શું હતો?
- ગર્ભાવસ્થા અને બાળકની દેખરેખ બાબતે પતિ આટલા સંકુચિત કેમ હોય છે ?

હવે સ્ત્રી-પુરુષ બેઉના જૂથોને સાથે બેસાડી દો અને બધાને વિડીયો બતાવો. બીજા જુથની વાતો સાંભળીને લોકોની પ્રતિક્રિયા જોવી રસપ્રદ હશે. હવે તમામ જવાબો પર ચર્ચા કરો.

## અભ્યાસ 3

# સમાજમાં પિતૃસત્તા

---

સમાજ જેન્ડર અથવા તો લિંગ માટે ભૂમિકાઓ નક્કી કરે છે અને નિર્દેશિત કરે છે કે કઈ ખાસ પરિસ્થિતિઓમાં મહિલાઓ અને પુરુષો પાસેથી કેવા પ્રકારનાં વહેવારની આશા રાખવામાં આવે છે. આ અભ્યાસની મદદથી આપ સમજી જશો કે સમાજમાં વાહિયાત લિંગ આધારિત આચારસંહિતાઓ કેવી પ્રચારિત થાય છે અને તેનો પ્રસાર થાય છે.

અભ્યાસ : એક સફેદ બોર્ડ પર બે વિભાગ બનાવો. એક પર લખો " એક પુરુષ જેવું વર્તન" અને બીજા પર લખો " એક સ્ત્રી જેવું વર્તન"

ભાગ લેનારા લોકોને બે સ્ત્રી-પુરુષ એમ બે જુથમાં વહેંચી દો. તમારે બે સહયોગીઓની મદદ લેવી પડશે. હવે પુરુષોને પૂછો : શું કોઈએ એમને મર્દની જેમ વર્તન કરવાનું કહ્યું છે ? જો એવું કહેવામાં આવ્યું હોય તો એ વખતની પરિસ્થિતિ અને કારણો અંગે પૂછો. પછી એક મર્દની જેમ વર્તન કરનો શું અર્થ થાય છે લખી લો.

હવે મહિલાઓને પૂછો : શું કદી કોઈએ તમને " એક સ્ત્રીની જેમ વર્તન કરવાનું " કહ્યું હતું. જો આવું કહેવામાં આવ્યું હોય તો એ વખતની પરિસ્થિતિ અને કારણો અંગે વાત કરો. " એક સ્ત્રીની જેમ વર્તન કરવાનું"નો શું અર્થ થાય છે લખી લો.

આમાં ભાગ લઇ રહેલા લોકોને પણ બોર્ડ પર લખવા બોલવી શકાય અથવા તમે પોતે પણ લખી શકો છો. ધ્યાન રાખો આ અભ્યાસ ઘસાયેલા વિચારને જાણવા માટે છે કોઈ એક કે બે લોકોનાં અંગત વ્યવહાર માટે નથી.

અભ્યાસ 4

# સમાજમાં પિતૃસત્તા

---

સમુહને સ્ત્રી અને પુરુષ એમ બે વિભાગમાં વહેંચો. જો સમુહમાં પુરુષ ન હોય તો મહિલાઓને તેમની ભૂમિકા અદા કરવાનું કહો.
દરેક સમુહને નીચે આપવામાં આવેલા સવાલો પૂછો અને તેમને જવાબ એક કાગળ કે ચબરખી/કાર્ડ પેપર પર લખવાનું કહો. એક જ શબ્દવાળા જવાબને પ્રોત્સાહન આપો. જેમકે, આક્રમક, તાકાતવાન, વિનમ્ર વગેરે.

- **સવાલ ૧ : પુરુષ કેવી રીતે મહિલાઓથી અલગ છે ?**
- **સવાલ ૨ : પુરુષોમાં ક્યાં પ્રકારની લાગણીઓ ન હોવી જોઈએ એવી અપેક્ષા રાખવામાં આવે છે ?**
- **સવાલ ૩ : પુરુષ પોતાની લાગણીઓ કે ભાવનાઓ કેવી રીતે દર્શાવે છે ?**
- **સવાલ ૪ : મહિલાઓ પુરુષોથી કેવી રીતે અલગ છે ?**
- **સવાલ ૫ : મહિલાઓમાં કઈ લાગણીઓ ન હોવી જોઈએ.**
- **સવાલ ૬ : મહિલાઓ કેવી રીતે તેમની ભાવનાઓ જાહેર કરે છે ?**

દરેક સવાલ પરનાં બેઉ સમૂહોનાં જવાબને મેળવો અંદ તુલના કરો કે મહિલા વિષે પુરુષોની માન્યતા શું છે અને પુરુષો વિષે મહિલાઓની માન્યતા શું છે. આમાં જે સર્સમાન્ય હોય એવા અને જે અસંગત હોય તેવા જવાબો પર ચર્ચા કરો.

## અભ્યાસ 5

# **સંસ્કૃતિમાં પિતૃસત્તા I** લગ્નનાં પ્રતીકો

---

**અભ્યાસ :** તમે સમૂહનાં લોકોને સંસ્કૃતિક રીતે સ્વીકૃતિ પામેલી હોય એવી પ્રથાઓ કે રિવાજોની યાદી બનાવવાનું કહો જે જે મહિલાઓ અને પુરુષોને નિભાવવી પડે છે. તમે એમને પડદાપ્રથા, લગ્ન પછી બીજા ઘરે જવું, અટક બદલવી વગેરે ઉદાહરણ આપી શકો છો. તેમના જવાબોને આધારે આ મુદ્દાઓ પર સવાલ પૂછો.

1. **શું આવી પ્રથાઓથી ફક્ત મહિલા જ બંધાયેલી છે ?**
2. **શું એનાથી એમનાં જીવનની મુશ્કેલીઓ વધી છે ?**
3. **શું આ તેમને મંજુર છે ?**
4. **શું તેમણે આ પ્રથાઓનું પાલન કરવાને બદલે સવાલ ઉઠાવ્યા છે ?**
5. **આ પૂરી વિચાર પ્રક્રિયામાં પુરુષોની શું ભૂમિકા છે ?**

## અભ્યાસ 6

# **સંસ્કૃતિમાં પિતૃસત્તા |** સુંદરતાની કસોટીઓ

---

**અભ્યાસ :** તમે જે સમૂહ સાથે કામ કરી રહ્યાં છો તેમને એવી એક કલ્પના આપો કે તેઓ એક ફિલ્મ બનાવી રહ્યાં છે અને તેને માટે તેમણે અભિનેતા/અભિનેત્રી પસંદ કરવાની છે. તેમને પૂછો :

- તમારી પસંદની હિરોઈન કોણ હશે ? અથવા તમારી આદર્શ હિરોઈન કેવી દેખાવી જોઈએ ?
- તમારી પસંદની મહિલા વિલન (વેમ્પ) કોણ હશે અથવા તો તમારી આદર્શ મહિલા વિલન કેવી દેખાવી જોઈએ ?
- તમારી ફિલ્મનો હીરો કોણ હશે? તે કેવો દેખાવો જોઈએ ?

આ દરમિયાન તમે આદર્શ વહુ કેવી દેખાવી જોઈએ એમ પણ પૂછી શકો છો.

**એક વિશેષ અભ્યાસ : લગ્નની જાહેરાતો**

**અભ્યાસ :** તમે જે જુથ સાથે કામ કરતા હો તેને પોતાને માટે એક લગ્નની જાહેરાત તૈયાર કરવાનું કહો. પછી એને મોટેથી વાંચવો. અહી, સુંદરતાનાં કટાઈ ગયેલા માપદંડો જેમકે ગોરી, લાંબી, લાંબા વાળ, વગેરે પર ચર્ચા કરો.

## અભ્યાસ 7

# લૈંગિક હિંસા | બળાત્કાર

---

નીચે આપેલી વાર્તાને સમૂહ સામે વાંચો. ત્યારબાદ કહો હવે હું આને ફરી વાંચીશ જ્યાં તમને લાગે કે ઉલ્લંઘન થયું છે તો ત્યાં એક તાળી વગાડો. જેવો તમને તાળીનો અવાજ સંભળાય કે તરત વાંચવાનું રોકી દો અને પૂછો કે તમે તાળી કેમ વગાડી. જયારે તે કહી દે કે આ ઉલ્લંઘન થયું ત્યારે આગળ વાંચો. જો સમુહને ઉલ્લંઘન ઓળખવામાં તકલીફ થતી હોય તો એમની મદદ કરો.

**અભ્યાસ : શું તમે કહી શકો છો કે આ વાર્તામાં ઉલ્લંઘન ક્યાં થયું છે ?**

રાજએ શીલાને ખેંચીને તેની કારમાં બેસાડી અને દિલ્હીનાં બહારના વિસ્તારથી હરિયાણા લઇ આવ્યો. તેને સુમસાન જગ્યાએ ગાડી રોકી અને જબરદસ્તી સેકસ કર્યું. શીલા બેહોશ થઇ ગઈ અને રાજે તેને ત્યાં જ છોડી દીધી. બીજે દિવસે શીલા જેમતેમ કરીને ઘરે પહોંચી અને તેણે માતાપિતાને આખી કહાની કીધી. પોતાનાં માતાપિતા સાથે તે નજીકનાં પોલીસ સ્ટેશનમાં ગઈ પરંતુ ત્યાં તેની ફરિયાદ લેવામાં ન આવી કેમકે જ્યાં ગુનો બન્યો હતો તે સ્થળ તેમના અધિકાર ક્ષેત્ર બહારનું હતું. બતાવો ક્યાં ઉલ્લંઘન થયું. આખરે સમાજનાં દબાણથી એફઆઈઆર લખવામાં આવી. તેનું નિવેદન લેતી વખતે પોલીસે તેને પૂછ્યું " એ સાંજે તે ક્યા કપડાં પહેર્યા હતા? તું આટલી બધી વાર ઘરની બહાર કેમ હતી ? શું એ સાચું છે છોકરા સાથે તારે કોઈ સંબંધ નહોતો ?”

જયારે તે દાકતરી તપાસ માટે દવાખાને ગઈ તો ડોકટરે તેને પેટીકોટ કાઢીને સુઈ જવાનું કહ્યું અને પછી ડોકટરે તેનો ટૂ ફિંગર ટેસ્ટ કર્યો. બતાવો ક્યાં ઉલ્લંઘન થયું

આ વાર્તામાં નીચે મુજબનું ઉલ્લંઘન થયું :

- રાજે શીલાની સહમતી વગર સેક્સ કર્યું.
- પોલીસ ફરિયાદ લેવાની ના ન પાડી શકે.
- પોલીસે એને એવા સવાલ કર્યા જે એનાં કપડાં પહેરવાની રીતભાત અને તેના ચરિત્ર પર સવાલ ઉઠાવતા હતા, એ અસંવેદનશીલ હતા.
- ડોકટરે મેડીકલ તપાસ અગાઉ પરવાનગી ન લીધી અને પ્રતિબંધિત ટૂ ફિંગર ટેસ્ટ કર્યો.

## અભ્યાસ 8

# લૈંગિક હિંસા | વિવાહિત બળાત્કાર

---

નીચે આપેલી વાર્તાને સમૂહ સામે વાંચો. ત્યારબાદ કહો હવે હું આને ફરી વાંચીશ જ્યાં તમને લાગે કે ઉલ્લંઘન થયું છે તો ત્યાં એક તાળી વગાડો. જેવો તમને તાળીનો અવાજ સંભળાય કે તરત વાંચવાનું રોકી દો અને પૂછો કે તમે તાળી કેમ વગાડી. જયારે તે કહી દે કે આ ઉલ્લંઘન થયું ત્યારે આગળ વાંચો. જો સમુહને ઉલ્લંઘન ઓળખવામાં તકલીફ થતી હોય તો એમની મદદ કરો.

**અભ્યાસ : શું તમે આ વાર્તામાં ક્યાં ઉલ્લંઘન થયું એ કહી શકો છો ?**

કમલા અને તેના પતિ કમલનાં લગ્નને બે મહિના થયા હતા. તેમના લગ્ન બેઉ પરિવારોની મરજીથી થયા હતા. કમલા ઇચ્છતી હતી કે કમલ તેની સાથે વધુ સમય પસાર કરે પણ કમલ રોજ ઓફીસ પછી દોસ્તો સાથે દારૂ પીતો હતો. એક દિવસ તે કમલા સાથે સંભોગ કરવા માટે ઈચ્છુક હતો. પણ સાથે સરખું રહ્યાં ન હોવાથી કમલાની કમળ સાથે નજીકપણું નહોતું વધ્યું અને તે શારીરિક સંબંધ બાંધવામાં અસહજ અનુભવ કરતી હતી. આના લીધે કમલને ગુસ્સો આવ્યો અને તેને જબરદસ્તી કમલાનાં શરીર સાથે એ બધું જ કર્યું જે તે કરવા માંગતો હતો.

આ વાર્તામાં ઉલ્લંઘન : દરેક વ્યક્તિને, ભલેને તે સ્ત્રી હોય કે પુરુષ પોતાના શરીર બાબતે નિર્ણય કરવાનો અધિકાર છે. એટલે દરેક વ્યક્તિને સેક્સ માટે મનાઈ કરવાનો અધિકાર છે.

# ડિસ્કશન ક્લબ રીપોર્ટનું માળખું

**સીસીનું નામ ........................................................ રાજય........................................જિલ્લો........................................**

**વિષય........................................................................................................ UID........................................................**

**ડિસ્કશન ક્લબ બેઠકની તારીખ ........................................................................ સ્થળ ........................................**

| ક્રમ | સભ્યનું નામ | લિંગ મહિલા / પુરુષ | વય | સભ્યના ગામનું નામ | સભ્યની સહી | શું સભ્યનો ફોટો સંલગ્ન છે? હા/ના |
|---|---|---|---|---|---|---|
| 1 | | | | | | |
| 2 | | | | | | |
| 3 | | | | | | |
| 4 | | | | | | |
| 5 | | | | | | |
| 6 | | | | | | |
| 7 | | | | | | |
| 8 | | | | | | |
| 9 | | | | | | |
| 10 | | | | | | |
| 11 | | | | | | |
| 12 | | | | | | |
| 13 | | | | | | |
| 14 | | | | | | |

## ડિસ્કશન ક્લબ બેઠકનાં ફોટોની સંખ્યા ........................................................................

યાદ રાખો અમને દરેક બેઠકનાં ૪-૫ ફોટો જોઈએ છે. કેટલાક લાંબા શોટ-એલએસ, કેટલાક અર્ધા શોટ- એમએસ અને કેટલાક ચહેરા શોટ-સીયુ.

## ડિસ્કશન ક્લબ બેઠકની વિડીયો ક્લિપની સંખ્યા ........................................................

**નોંધ** 1) એક 20 સેકંડનો વિડીયો એલએસ. (લાંબો શોટ ) જેમાં સમૂહ વિડીયો જોતો દેખાતો હોય. 2) એક 20 સેકંડનો શોટ જેમાં સમૂહ મુદ્દા પર ચર્ચા કરતો દેખાતો હોય. 3) સભ્યોનાં સીયુ (ચહેરા શોટ) વાત કરતા અને બોલતા હોય તેવા.